CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દાડમનું ઝાડ આપશે તો તારી વાડીથી મારી વાડીમાં બેવડા ઝાડ થશે

પેલા માણસે કહ્યું– જો તારી વાડીમાંથી તું મને એક ઝાડ આપશે તો આપણી બન્નેની વાડીઆંના ઝાડ સરખા થશે. ત્યારે બન્નેની વાડીમાં ઝાડ કેટલાં?

જવાબ – ૭ અને ૫

૭૭

વ્યાપારી પાસે રૂપિયા કેટલા?

એક વ્યાપારી પાસે અમુક રકમ હતી. તેમાંથી તેણે ૬ રૂપિયા કાઢી લઈ, ૪ ઉમેર્યા પછી બાકી રહેલા રૂપિયાને ૭ ગણા કરી, તે ૩ જણાઓને વહેંચી આપ્યા. આ વહેંચણીમાં દરેકને રૂા. ૪૨| ૪૨| આવ્યા. ત્યારે વ્યાપારી પાસે કેટલી રકમ હતી.

જવાબ – રૂા. ૨૦|

૭૮

મોટરગાડીનો નંબર કાઢો?

મારી મોટરગાડીનો નંબર ચાર આંકડાનો બનેલો છે. એ ચારે આંકડાનો સરવાળો ૨૦ થાય છે.

નંબરનો પહેલો આંકડો એ છેલ્લા આંકડાનો અર્ધો ભાગ થાય છે. બીજો આંકડો છેલ્લા આંકડાનો પોતાનો અર્ધો ભાગ બનાવે છે. ત્રીજો આંકડો એ પહેલા આંકડાને પોતાનો અર્ધો બનાવે છે. તો એ ગાડીનો નંબર કેટલો?

જવાબ – ૨૮૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૯

જમીયત અને કાવસ પાસે કેટલા નાણાં ?

જમીયતે કાવસજીને કહ્યું તું જો મને એક રૂપિયો આપે તો તારી પાસે જેટલા રૂપિયા છે તેનાથી મારા બેવડા થાય.

પણ કાવસજીએ કહ્યું– "એમ કરવું એ વ્યાજબી નથી. તારી પાસે જેટલા રૂપિયા છે તેમાંથી તું મને એક આપ એટલે આપણે બન્ને સરખા થઇ જઇએ.

તો દરેકની પાસે રૂપિયા કેટલા ?

ઉકેલ

જમીયત પાસે – ૭

કાવસજી પાસે – ૫

૮૦

થોડીક વાર પછી પાછા જમીયત અને કાવસજી ભેગા મળ્યા જમીયતે કહ્યું– "મારી પાસે તારા કરતાં બેવડા રૂપિયા છે, પરન્તુ તું જો ૧ રૂપિયો આપે તો મારી સંખ્યા તારા કરતાં ત્રણ ગણી થાય.

"ના. ઉપકાર થયો." કાવસજીએ કહ્યું– "મારે એમ કરવું નથી. પણ તું જો મને ૨ રૂપિયા આપે તો આપણે બન્ને સરખા થઈ જઇએ. બોલ આપે છે?"

તો દરેકની પાસે કેટલા રૂપિયા ?

ઉકેલ –

જમીયત પાસે – ૮

જમીયત પાસે – ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧

મોટું કુટુંબ

એક ખેડુત અને તેની પત્નીને ૧૫ સંતાનો છે. દરેક સંતાનની વયમાં માત્ર દોઢ વર્ષનો જ તફાવત રહે છે. મોટા બાળકની વય સૌથી નાના બાળકનાં કરતાં ૮ ગણી મોટી છે તો મોટાની અને નાનાની વય કેટલી ?

ઉકેલ –

નાનાની વય ૩ વર્ષની
મોટાની વય ૨૪ વર્ષની

૮૨

ધર્મશાળામાં ઉતરેલા માણસોની સંખ્યા કેટલી ?

એક ધર્મશાળામાં અમુક માણસો રહેલા હતા. એમાંના એકને એક માણસે પૂછ્યું-- તમે લોકો કેટલા છો ?

પેલાએ જવાબ વાળ્યો– હું તમને સંખ્યા જણાવતો નથી પરન્તુ તમે ચતુર હો તો સમજી જજો કે અમે જેટલા છીએ એથી દોઢા આગળ ચાલ્યા ગયા છે અને તેથી બેવડા પાછળ આવે છે. વળી અમારાથી બેવડા સામી ધર્મશાળામાં ઉતર્યા છે. અમારાથી પોણા ભાગના લોકો બીજી એક ધર્મશાળામાં રહ્યા છે. પરંતુ તું જો અમારાથી ભેગો ભળી જશે તો અમારી કુલ્લે સંખ્યા ૧૦૦ની થશે. તો એ ધર્મશાળામાં ઉતરેલા માણસોની સંખ્યા કેટલી ?

જવાબ – ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૩

પીપ કેટલા વખતમાં ભરાશે?

ઘાસતેલનું એક પીપ એક નળથી ૧૫ મિનિટમાં ભરાઈ જાય છે. બીજા નળથી તેજ પીપને ભરાતાં અર્ધો કલાક લાગે છે જ્યારે ત્રીજા નળથી તેને ભરતાં પોણો કલાક અને પાંચ મિનિટ લાગે છે. પણ જો ત્રણે નળ ખુલ્લા મૂકી દેવામાં આવે તો તે પીપ કેટલા વખતમાં ભરાઈ જશે?

જવાબ – ૮ મિનિટ અને ૨૦ સેકન્ડ

૮૪

કેટલી કેરી લીધી હતી ?

મેં એક પૈસાની ૩ મુજબ કેટલીક કેરીઓ વેચાતી લીધી હતી. એ કેરીઓ પાકી ગઇ એટલે ફરીથી એક પૈસાની ૪ પ્રમાણે તેટલીજ કેરીઓ ખરીદી. પછી બે પૈસાની ૭ કેરીઓ મુજબ તે બધી વેચી નાખી આ વેપારમાં મને ૧૦ પૈસાનો નફો થયો તો બધી મળીને મેં કેટલી કેરીઓ લીધી હતી ?

જવાબ – ૨૪૦ કેરીઓ

૮૫

૯૭ રૂપિયામાં ૯૭ કપડાં આણી આપો ?

૨ રૂપિયાની એક ટોપી, ૧ રૂપિયાના ૧૦ રૂમાલ અને ૫ રૂપિયાનુ એક ધોતીયું એમ વસ્ત્રોના ભાવ છે. તો ૯૭ રૂપિયામાં ૯૭ વસ્ત્રો લાવવા છે તો તે કેવી રીતે લાવવા ?

જવાબ– ૩૦ રૂપિયાની ૧૫ ટોપી
૭ રૂપિયાના ૭૦ રૂમાલ
૬૦ રૂપિયાના ૧૨ ધોતીયાં
―――――――――――
૯૭ રૂપિયાના ૯૭ વસ્ત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८६

હારમાં મોતી કેટલાં ?

એક સ્ત્રી કૂવે પાણી ભરવા માટે ગઈ. દોરડાનાં આંચકાથી તેના ગળામાંનો મોતીનો હાર તૂટી ગયો. હારના અર્ધા મોતી કુવામાં પડયા, ચોથા ભાગના પગતળે ચ પાઈને કચડાઈ ગયા, પાંચમા ભાગના મોતી ક્યાંક આડાઅવડા થઇ ગયા તે જડયા જ નહિ. છેલ્લે સ્ત્રીએ જોયું તો તેની પાસે માત્ર ૭ મોતી જ બાકી રહ્યા. તો હારમાં કુલ્લે મોતી કેટલાં ?

જવાબ–૧૪૦ મોતી.

८७

પાનનાં બીડાંનો ભેદ

હીરજીશેઠના ત્રણે જમાઈઓ જમવા માટે આવ્યા. શેઠે જમાઈઓને ભાવભર્યા ભોજનોથી જમાડયા. બાદ તેમને પાનનાં બીડાં આપ્યા. એવી રીતે કે મોટા જમાઈને ૭, વચલાને ૫, અને નાનાને ૩, પાન.

નાના જમાઈને આ ભેદથી ખોટું લાગ્યું તેણે આ વાત પોતાની સાસુને કરી.

સાસુએ પોતાના પતિને આવા ભેદભાવનું કારણ પૂછ્યું.

પતિએ જવાબ આપ્યો. ભેદભાવ માત્ર બીડાંમાં જ છે. પરન્તુ અંદર પાન દરેકને સરખાં જ મૂક્યાં છે.

તો દરેક જમાઈના એક-એક બીડામાં કેટલા પાન હશે ?

જવાબ	પાન બીડાં પાન
મોટા જમાઈના એક બીડામાં	૧૫ × ૭ = ૧૦૫
વચલા ,, ,, ,,	૨૧ × ૫ = ૧૦૫
નાના ,, ,, ,,	૩૫ × ૩ = ૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૮

કેટલા બાજઠો અને કેટલા માણસો હશે?

એક વખતે કેટલાક માણસો સાથે બગીચામાં ફરવા ગયા. ફરીને આવ્યા પછી ત્યાં મૂકેલા બાજઠો પર તેઓ ચાર-ચાર જણા બેઠા, આવી રીતે બેસતાં એક માણસ વધ્યો એટલે તેઓ પાછા ઊઠયા અને એક-એક બાજઠ પર પાંચ-પાંચ જણા બેઠા. આવી રીતે બેસતાં એક બાજઠ વધ્યો. ત્યારે માણસો કેટલા હતાં અને બાજઠોની સંખ્યા કેટલી હતી?

જવાબ- ૨૫ માણસો ૬ બાજઠ

૮૯

બન્ને પાસે રૂપિયા કેટલા?

રામશંકર અને ફત્તેહમહમ્મદ બન્ને ખાસ મિત્રો હતા. એક દિવસે રામશંકરે ફત્તેહમહમ્મદને કહ્યું:-" જો તું મને તારી પાસેના અર્ધા રૂપિયા આપે તો મારા સો રૂપિયા થાય.

ફત્તેહમહમ્મદે જવાબ આપ્યો-" જો તું મને તારી પાસેના રૂપિયામાંથી ત્રીજો ભાગ આપે તો મારી પાસે પણ સો રૂપિયા થાય. ત્યારે બન્નેની પાસે રૂપિયા કેટલા?

જવાબ- રામદાસ પાસે રૂ. ૬૦ ફત્તેહમહમ્મદ પાસે રૂ. ૮૦

૯૦

રામજીકાકાની વય કેટલી?

વૃદ્ધ રામજીકાકા એક જુવાન યુવતીને પરણી લાવ્યા. રામજીકાકાની વય અને યુવતીની વય સાથે ગણીએ તો સો વર્ષની થાય છે. કાકાની વયને ચારે ગુણતાં અને નવે ભાગતાં જે આવે તે યુવતીની વય થાય છે. ત્યારે તેમની ઉંમર કેટલી?

જવાબ—રામજીકાકાની વય ૬૯ વર્ષ અને ૧૨ અઠવાડીયાં.
યુવતીની વય ૩૦ વર્ષ અને ૪૦ આઠવાડીયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૧

મગનલાલ સાસરે જવા કેટલા રૂપિયા સાથે નીકળ્યા હશે?

મગનલાલ પોતાને સાસરે જવા નીકળ્યો. રસ્તામાં પાંચ સ્ટેશન આવ્યા. દરેક સ્ટેશને એ પોતાની પાસેના રૂપિયામાંથી અર્ધા રૂપિયાની ખરીદી કરતો હતો. જ્યારે તે પોતાના સસરાને ગામ પહોંચ્યો ત્યારે તેની પાસે માત્ર એકજ રૂપિયો રહેવા પામ્યો. ત્યારે ઘેરથી તે કેટલા રૂપિયા લઈ નીકળ્યો હશે?

જવાબ—૩૨ રૂપિયા.

૯૨

પેસ્તનજીએ કેટલા રૂપિયાનો વ્યાપાર કર્યો?

પેસ્તનજીએ ૧૫ રૂપિયાની ૧૮ મણ મુજબ અમુક મણ ખાંડ વેચાતી લીધી અને ૧૯ રૂપિયાની ૨૦ મણ પ્રમાણે તે એક વેપારીને વેચી દીધી. આથી પેસ્તનજીને રૂા. ૨૧) નો લાભ થયો. તો તેમણે કેટલા રૂપિયાનો વ્યાપાર કર્યો હશે?

જવાબ—૧૫૦ રૂપિયાનો.

૯૩

બાલદી ક્યારે ભરાઇ જાય?

નળની નીચે એક બાલદી પાણી ભરવા માટે મૂકવામાં આવી હતી. બાલદી આમ તો પંદર મીનીટમાં ભરાઇ જાય એમ હતી, પરન્તુ તે એકબાજુથી કાણી હતી એટલે જે પાણી ભરાતું તે ૨૦ મીનીટમાં ખાલી થઇ જતું. તો તે બાલદીને પાણી ભરાતાં કેટલો વખત લાગે?

જવાબ—એક કલાક.

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૪

કાફલામાં કેટલાં માણસો હશે ?

બે મિત્રો રસ્તામાં ઊભા રહી વાહનની તપાસ કરી રહ્યા હતાં. એટલામાં એક ગાડું ત્યાંથી પસાર થયું. તેમણે ગાડાવાળાને પૂછ્યું– "તમે અમને બેસાડી શકશો ખરા ?

ગાડાવાળાએ કહ્યું–"હા, ભાઇ શા માટે નહિ. અમારા કાફલામાં તમે બે વધારે.

મિત્રોએ કહ્યું—"તમારો કાફલો કુલ્લે કેટલા માણસોનો છે ?"

ગાડાવાળાએ જવાબ આપ્યો–"અમારાથી આગળ બેવડા ગયા છે. એનાથી ત્રણગણા પાછળ આવે છે અને તમે જો ગાડામાં બેસી જશો તો અમે બધાં મળીને ૨૦૦ માણસો થઇશું. તો ગાડામાં માણસો કેટલાં ?

જવાબ— ૨૨ માણસો.

૯૫

સવારે અને સાંજે કેટલા મણ વેચ્યા ?

એક દાણાવાળાએ પોતાના માણસને ૩૦ મણ ઘઉં આપી કહ્યું– "બજારમાં સવારે જઈ રૂા. ૧) ના ૩ મણ ઘઉં વેચજે અને જ્યારે સાંજે જાય ત્યારે ભાવ ફેરવી ૩ રૂપિયાના ૧ મણ ઘઉં વેચવા. પરન્તુ આમ કરતાં ૩૦) રૂપિયા બરાબર લાવવા. ત્યારે તે માણસે સવારે કેટલા મણ ઘઉં વેચ્યા અને સાંજે કેટલા વેચ્યા ?

જવાબ— સવારે–૨૨॥ મણ

સાંજે– ૭॥ મણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬

ગાયોની સંખ્યા કેટલી ?

એક તબેલામાં કેટલીક ગાયો હતી. તેને ૩ દરવાજેથી કાઢી ત્યારે સરખી થઈ. પાંચ ઝાડને છાંયડે બેસાડી ત્યારે પણ સરખી. સાત ગોવાળીયાને ચારવા આપી ત્યારે પણ સરખી. તો ગાયોની સંખ્યા કેટલી ?

જવાબ– ૩૧૫ ગાયો.

૯૭

રાજા પાસે કેટલા ગુલાબો હતા ?

એક રાજાને સાત રાણીઓ હતી. એક દિવસે રાજાને થોડાંક ગુલાબના પુષ્પો ભેટ તરીકે મળ્યા. રાજાએ વિચાર્યું કે હું આ પુષ્પો મારી રાણીઓને આપું તો સારૂં. એટલે તે પોતાની મોટી રાણી પાસે ગયો અને જેટલાં ગુલાબ હતાં તેમાંના અર્ધાં તેણે તેને આપ્યા. અને તેમાંથી પાછું એક ગુલાબ લઈ પોતાના હાથમાં બાકી રહેલાં ગુલાબમાં ઉમેરી દીધું.

હવે એ બીજી રાણી પાસે ગયો. અને જે ગુલાબ હતા તેમાંથી અર્ધાં તેને આપી તેમાંથી પાછું એક ગુલાબ લઈ બાકીનામાં મેળવી દીધું. આવી રીતે તે પોતાની બાકી રહેલી પાંચ રાણીઓ પાસે પણ ગયો અને ઉપર મુજબ જ કર્યું. સાતે રાણી પાસે ગયા પછી તેણે જ્યારે પોતાના હાથમાં જોયું ત્યારે તેની પાસે માત્ર બેજ ગુલાબ રહેવા પામ્યા હતા. તો રાજા પાસે પ્રથમ ગુલાબ કેટલાં હતાં ?

જવાબ–રાજા પાસે મૂળ માત્ર બેજ ગુલાબ હતાં. એમાંનું એક ગુલાબ તેણે દરેક રાણીને આપ્યું હતું. અને એ આપ્યા પછી પાછું લઈ લીધું હતું. આથી તેની કોઈપણ રાણીને ખરૂં જોતાં એકપણ ગુલાબ મળ્યું હતું નહિ. આજ કારણને લઈને રાજા પાસે બધી રાણીઓને આપતાં બે ગુલાબ રહેવા પામ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૮

જમનાદાસ પાસે પૈસા કેટલા ?

જમનાદાસની પાસે મુઠીમાં કેટલાક પૈસા હતા. તેમાં તેણે ત્રણ ઉમેર્યા ને ચાર કાઢી લીધા. પછી બાકી જે રહ્યા તેને પાંચ ગણા કર્યા ને તે છ જણાંને બધા સરખે ભાગે વહેંચી આપ્યા. આ વહેંચણીમાં દરેકને ભાગે દશ-દશ પૈસા આવ્યા. ત્યારે તેની પાસે પ્રથમ કેટલા પૈસા હતાં ?

જવાબ—૧૩ પૈસા

૯૯

પદ્માની પાસે પૈસા કેટલા ?

પદ્માની બે હાથની મુઠીમાં થોડા—થોડા પૈસા છે. હવે જો જમણા હાથની મુઠીમાંનો એક પૈસો એ ડાબા હાથની મુઠીમાં મૂકે તો બન્ને મુઠીમાં પૈસા સરખાં થાય છે. પણ જ્યારે ડાબી મુઠીમાંનો એક પૈસો જમણી મુઠીમાં મૂકે છે ત્યારે ડાબી કરતાં જમણીમાં પાંચગણા પૈસા થાય છે. ત્યારે પદ્માની દરેક મુઠીમાં કેટલા પૈસા હોવા જોઈએ ?

જવાબ— ડાબી મુઠીમાં ૨

જમણી મુઠીમાં ૪

૧૦૦

મીનોચહેર અને સુલેમાન કેટલા દિવસ નોકરી રહ્યા ?

મીનોચહેર અને સુલેમાન એક શેઠને ત્યાં નોકરીએ રહ્યા. શેઠે તેમને પૂછ્યું "તમે બન્ને શું પગાર લેશો ?"

મીનોચહેરે કહ્યું—"હું રોજનો સવા રૂપિયો લઈશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલેમાને કહ્યું– "હું એક આનાથી ચડતો પગાર રોજીંદો લઇશ."

શેઠે આ બન્નેનો કરાર કબૂલ કર્યો. બન્ને નોકરી કરવા લાગ્યા.

થોડા દિવસ પછી શેઠે બેઉને રજા આપી અને બીજાં નવા માણસોને રાખ્યા. પરન્તુ જ્યારે મીનોચહેર અને સુલેમાનને તેમનો થતો પગાર ચૂકવી આપવામાં આવ્યો ત્યારે દરેક જણને સરખા રૂપિઆ મળ્યા. તો તેઓએ કેટલા દિવસ નોકરી કરી?

જવાબ–૭૯ દિવસ

૧૦૧

આખા પ્રદેશની ઉપજ કેટલી?

એક મોટો પ્રદેશ છે. તેમાં ૨૦ મોટાં શહેર છે. એક–એક શહેરમાં ૨૦ પરાં છે, એક–એક પરાંમાં ૨૦ મહોલ્લા છે. એક–એક મહોલ્લામાં ૨૦ ઘર છે. એક–એક ઘરમાં ૨૦ માણસ છે. અને એ એક–એક માણસ રોજ સરેરાસ ૨૦ આના ૨૦ પાંઇ કમાય છે, તો આખા પ્રદેશની પેદાશ કેટલી?

જવાબ–રૂા. ૪૩૩૩૩૩૩–૫-૪ પાઈ

૧૦૨

લીંબુ શા ભાવે વેચ્યા?

નવલશાએ પોતાના બે છોકરાઓને બોલાવી એકને ૧૦૦ લીંબુ આપ્યા અને બીજાને ૬૦ લીંબુ આપી કહ્યું—બજારમાં જઈ આ લીંબુ સરખે ભાવે વેચો. જતાં જતાં નવલશાએ ૬૦ લીંબુવાળાને તાકીદ આપી કે તારે ૧૦૦ લીંબુવાળાથી બેવડા પૈસા લાવવા તો બન્ને ભાઈઓએ એ લીંબુ કેમ વેચ્યા અને દરેક જણુ કેટલા પૈસા લાવ્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાએ

૧ પૈસાના ૯ લીંબુના હિસાબે ૧૧ પૈસાના લીંબુ વેચ્યા =૧૧×૯=૯૯ લીંબુ અને પછી ૪ પૈસાનું ૧ લીંબુ વેચ્યું એટલે કુલ્લે ૧૫ પૈસાના ૧૦૦ લીંબુ વેચ્યા.

બીજાએ

૧ પૈસાના ૯ લીંબુના હિસાબે ૬ પૈસાના લીંબુ વેચ્યા = ૬×૯=૫૪ લીંબુ પછી ૪ પૈસાના એક લીંબુ મુજબ બાકી રહેલાં ૬ લીંબુ વેચ્યા એટલે ૨૪ પૈસા મળ્યા. કુલ્લે ૩૦ પૈસાના ૬૦ લીંબુ વેચ્યા.

૧૦૩

પાન શા ભાવે વેચ્યા?

એક પાનવાળાએ પોતાના બે છોકરાઓને બોલાવી, મોટાને ૫૦ પાન અને નાના છોકરાને ૩૦ પાન આપી કહ્યું, આ પાન સરખે ભાવે વેચવા. નાના છોકરાને વધુમાં એમ કહ્યું કે તેણે મોટાથી દોઢા પૈસા લાવવા. ત્યારે બન્નેએ પાન કેમ વેચ્યા અને દરેક જણ કેટલા પૈસા લાવ્યું?

૫૦ પાનવાળો		૩૦ પાનવાળો	
૬ પૈસા × ૮ પાન =	૪૮	૩ × ૮ =	૨૪ પાન
૪ પૈસા = ૨ ×	૨	૧૨ = ૨ ×	૬
પૈસા ૧૦	૫૦ પાન	૧૫ પૈસા =	૩૦ પાન

૧૦૪

મજુર અને તેની મજુરી

એક મજુર રોજના બાર આના પ્રમાણે મહિના સુધી મજુરી કરવા રહ્યો. જે દિવસે તેનાથી કામ પર નહિ અવાય, તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને મજુરી માટે મોકલે અને તેને શેઠ પાસે આઠ આના રોકડા અપાવે. આ પૈસા તેના હિસાબમાંથી કાપી લેવામાં આવતા હતા. જ્યારે તેનો મહિનો પૂરો થયો ત્યારે શેઠે હિસાબ કરીને તેને રૂ. ૧૦) આપ્યા તો તો તેણે કેટલા દિવસ કામ કર્યું ?

જવાબ ૨૦ દિવસ

૧૦૫

શિવશંકર મહેતાજી કેટલા દિવસ ગેરહાજર રહ્યા ?

શિવશંકર મહેતાજી ગુલામહુસેનની પેઢીમાં ૧। રૂપિયાના રોજથી નામુ લખવા રહ્યા. જે દિવસે તેઓ આવે નહિ તે દિવસે ૧૦ આના સામા આપવાના કબૂલ કર્યા. હવે એક મહિના પછી પોતે ગામ જવા નીકળ્યા ત્યારે શેઠે તેનો હિસાબ કરી રૂ. ૩૦) રોકડા આપ્યા. તો મહેતાજી કેટલા દિવસ ગેરહાજર રહ્યા ?

જવાબ– ૪ દિવસ

૧૦૬

હરણ અને કૂતરો

એક લીલાછમ જંગલમાં હરણનું બચ્ચું ફરતું હતું. એટલામાં એક શિકારી કૂતરો તેની નજરે આવ્યો તેનાથી ભય પામીને એ ૧૨૦ ડગલા દૂર નાસી જઈ દોડવા લાગ્યું. કૂતરો પણ તેની પાછળ દોડયો. પણ જ્યારે કૂતરો પાંચ ડગલા ભરે ત્યારે હરણ છ ડગલા ભરતું હતું. પણ કૂતરાના બે ડગલા તે હરણના ત્રણ ડગલાની બરાબર થતાં તો કૂતરો કેટલા ડગલા ભરે તો હરણના બચ્ચાને પકડી શકે ?

જવાબ–૪૦૦ ડગલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૭

ટાંકી અને નળ

એક મોટી ટાંકીને ખાલી કરવા માટે પાંચ નળ છે. એમાંનો એક નળ ખુલ્લો મૂકીએ તો ટાંકી ૨૦ મીનીટમાં ખાલી થઈ જાય છે. બીજો નળ ખુલ્લો મૂકીએ તો ૩૦ મીનીટમાં ટાંકી ખાલી થઇ જાય છે. ત્રીજો નળ ખુલ્લો મુકીએ તો ૪૦ મીનીટમાં, ચોથો નળ ખુલ્લો મૂકીએ તો પણ ૪૦ મીનીટમાં અને પાંચમો નળ ખુલ્લો મૂકીએ તો એક કલાકમાં ટાંકી ખાલી થઇ જાય છે. ત્યારે જો પાંચે નળ ખુલ્લા મૂકવામાં આવે તો કેટલા વખતમાં ટાંકી ખાલી થઈ જાય ?

જવાબ–૬ મીનીટ અને ૪૦ સેકન્ડ

૧૦૮

મોતીના હાર કેટલા ?

મોતીના એક વ્યાપારી પાસે ૨ કરોડ ૩ લાખ, ૬ હજાર એકસો ને ૭૬ મોતી હતાં. (૨૦,૩૦,૬,૧૭૬) તેણે પોતાની દુકાનના કારીગરને એ મોતી આપી કહ્યું કે આ મોતીઓમાંથી તું પહેલો હાર ૧૧૧ મોતીનો બનાવ, બીજો હાર ૨૨૨ મોતીનો, ત્રીજો હાર ૩૩૩ મોતીનો, ચોથો હાર ૪૪૪ મોતીનો, પાંચમો હાર ૫૫૫ મોતીનો; છઠ્ઠો હાર ૬૬૬ મોતીનો, સાતમો હાર ૭૭૭ મોતીનો, આઠમો હાર ૮૮૮ મોતીનો, નવમો હાર ૯૯૯ મોતીનો, દશમો હાર ૧૦૦૦ મોતીનો, અગિયારમો હાર ૨૦૦૧ મોતીનો અને પછીના દરેક હાર એક–એક વધુ મોતીના એટલે કે ૨૦૦૨ ૨૦૦૩ ૨૦૦૪ ૨૦૦૫ એમ જ્યાં સુધી મોતીઓ પહોંચે ત્યાં સુધી બનાવ.

કારીગર આ હુકમથી જરા નાખુશ થયો કારણ હાર ખૂબ જ કરવા પડે એમ હતું. પરન્તુ કંઈ ઇલાજ નહોતો એટલે તેણે તે કામ ૨૦–૨૨ દિવસમાં પૂરું કરી દીધું તો કુલ્લે હાર કેટલા થયાં હશે !

જવાબ– ૪૬૮૮ હાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૯

રતનશાહે કેટલા રૂપિયા કાઢયા હતા ?

રતનશાહે પોતાના નોકરોને જન્મ દિવસની ખુશાલીમાં વહેંચવા માટે અમુક રકમ કાઢી. જ્યારે બધા કામકાજમાંથી પરવાર્યા ત્યારે તેણે નોકરોને બોલાવ્યા અને કાઢેલી રકમમાંથી ત્રણ ત્રણ આપવા માંડયા. પરન્તુ આમ કરતાં એક રૂપિયો વધ્યો. એટલે તેણે ચાર ચાર આપવા માંડયા પણ તેથી તો નવ રૂપિયા ઘટયાં તો રતનશાએ કેટલા રૂપિયા કાઢયા હતાં અને નોકરો કેટલા હતાં ?

જવાબ– રતનશાએ ૩૧ રૂપિયા વહેંચવા કાઢયા હતાં.
૧૦ નોકરો હતા.

૧૧૦

ગામડીયાની ચોરાયલી રકમ

ઇન્સાફની અદાલતમાં એક ગરીબ પણ મજુર માણસ આવી રડવા લાગ્યો. ન્યાયાધીશે તેને પૂછયું " અલ્યા કેમ રડે છે ? "

ગામડીયાએ રડતાં રડતાં જવાબ આપ્યો " સાહેબ રૂપિયા ભરેલી મારી પેટી ચોરાઈ ગઈ છે ? "

" એમાં કેટલા રૂપિયા હતા ? "

ગામડીયાએ કહ્યું–" સાહેબ કુલ્લે રકમ તો હું કહી શકતો નથી પરન્તુ જયારે હુ બબ્બે રૂપિયાની ઢગલી કરી રકમ ગણુતો ત્યારે એક રૂપિયો વધતો. ત્રણ–ત્રણ રૂપિયાની ઢગલી કરી ગણુતો ત્યારે પણ એક વધતો. ચાર–ચાર, પાંચ–પાંચ, છ–છ, આઠ–આઠ, નવ–નવ, દશ–દશ' રૂપિયાની ઢગલીઓ કરી ગણુતો ત્યારે પણ બધી ઢગલીઓ કરતાં ૧ રૂપિયો વધતો. પણ જયારે સાત–સાત રૂપિયાની ઢગલીઓ કરી ગણુતો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈજ વધતું નહિ અને ઢગલીઓ બરાબર થઈ રહેતી. એટલી રકમ મારી પાસે હતી સાહેબ! હું તો લૂંટાઇ ગયો!"

ન્યાયાધીશ વિચારમાં પડી ગયા. આવી જાતનો કોઇ કેસ તેમના હાથમાં આજસુધી આવ્યો જ નહોતો. તેમણે આ કામમાં સરકારી વકીલની મદદ માંગી અને તેને કહ્યું એની પાસે રૂપિયા કેટલા તે મને જણાવો?

સરકારી વકીલે જે રકમ કહી તે ગામડીયાને બરાબર જણાઈ. ન્યાયાધીશ પણ તેથી રાજી થઈ ગયા. તો વકીલે કેટલી રકમ કહી હતી?

ઉત્તર- રૂપિયા ૭૨૧.

૧૧૧

કોણ વધારે જીત્યું?

મગન, કાવસજી અને મહમ્મદમીંયા એ ત્રણે ૨૦) રૂપિયા લઈને પત્તાં ખેલવા બેઠા. જ્યારે તેઓ રમી રહ્યા ત્યારે કાવસજી પાસે જેટલા રૂપિયા હતા તેથી જો બે રૂપિયા વધારે હોત તો મહમ્મદથી તે બેવડા થાત અને જેટલા રૂપિયા મગન પાસે હતા, તેથી જો બે વધારે હોય તો તે કાવસજીથી બેવડા ગણાત. તો દરેક જણ પાસે રૂપિયા કેટલા?

ઉતર-

મગન પાસે રૂા. ૧૦
કાવસજી પાસે રૂા. ૬
મહમ્મદ પાસે રૂા. ૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૨

અનાજ કેટલું?

રતનસી મોદીએ પોતાના નોકર અમથાને ૧૦૦ મણ અનાજ આપીને કહ્યું કે અનાજમાં નાગરી અને ચોખા છે. નાગરી રૂ. ૧) ની ૭ મણનાં ભાવે વેચજે અને ચોખા ૭) મણના હિસાબે વેચજે. બધું અનાજ વેચાઈ જાય એટલે રૂ ૧૦૦) બરાબર લાવજે. ત્યારે રતનસી મોદીએ કેટલા મણ નાગરી અને કેટલા મણ ચોખા અમથાને આપ્યા હશે?

ઉત્તર– નાગરી–૮૭ાા મણ
ચોખા–૧૨ાા મણ.

૧૧૩

બાપની વય કેટલી

કલાએ પોતના પિતાને પૂછ્યું ' તમારા લગ્ન કેટલામે વર્ષે થયાં હતાં?'

પિતાએ જવાબ આપ્યો "મારા લગ્ન બાદ ચાર વર્ષે તારો જન્મ થયો હતો, જન્મ બાદ મેં આઠ વર્ષો દુનિયાની મુસાફરીમાં પસાર કર્યા. તે બાદ અત્યારના મારી જેટલી વય છે તેનો આઠમો ભાગ મેં વ્યાપારમાં પસાર કર્યો તે પછી ચાર વર્ષે તને પરણાવી. લગ્ન બાદ ચોથે વર્ષે તને એક પુત્ર થયો હતો. હવે જે વર્ષે તારા લગ્ન થયા હતાં તેટલામે વર્ષે જ મારા પણ લગ્ન થયાં હતાં અને વળી મારા જીવનનાં જે વર્ષે તારો જન્મ થયો હતો તેટલામે જ વર્ષે તારા પુત્રનો પણ જન્મ થયો હતો. આજે તારા પુત્રની વયથી હું ચારઘણો મોટો છું. તો કલાના પિતાની લગ્ન સમયે વય કેટલી હતી! અને તેમની ચાલુ વય કેટલી?

ઉત્તર– કલાના પિતાના લગ્ન ૨૦ મે વર્ષે થયા હતાં.
એમની ચાલુ વય ૬૪ વર્ષની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૪

૫૦ વાર કાપડનો એક તાકો ફાડવાનો છે. જો રોજ એક વાર મુજબ એ ફાડવામાં આવે તો કેટલા દિવસમાં તે ફડાઇ રહે?

૫૦ દિવસમાં.

ના, જી. ૪૯ દિવસમાં. કારણ છેલ્લો કટકો ફાડવાનો રહેતો જ નથી. એક એક વારના બે કટકા એની મેળેજ રહી જાય છે.

૧૧૫

એક માણસને ૯ છોકરાં છે. એ દરેકને એક બહેન છે. તો તે માણસને કુલ્લે સંતાન કેટલાં?

૧૮.

ના,

૧૦.

૧૧૬

"તમે દાખલામાં હોશિયાર છો નહિ?"

"હા, કેમ?,,

"તો જરા કહેશો ખરાં કે–જો મારા ગજવામાં ૧૦ રૂપિઆ હોય તો મારી પાસે કેટલા આના હોઈ શકે?

"૧૬૦–"

"ના, જી" આપ ખોટા પડો છો. મારી પાસે દશ રૂપિયા જ જો હોય. તો એક પણ આનો હોઇ જ શકે નહિ. કેમ સાહેબ ખરૂં ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૭

જમાઈ કેટલા રૂપિયા લઇ ગયો ?

ત્રણ સત્તા, એક બગડા, આગળ પીછું સોળ,
જમાઈ બગડો લૈ ગયો, થયો ત્યાં કાકારોળ,
ચતુરનર તો પારખે, હિસાબથી એ સેલ છે.
જમાઇની સંખ્યા તમે, આણી આપો પેલ.

એક શ્રીમન્ત માણુસ પાસે રૂા. ૧૬૭૭૭૨૧૬ હતાં. તેમાંથી તેનો જમાઈ બગડો લઈ ગયો×. રકમ વધુ ગઈ એટલે ઘરના બધા માણુસો શોક કરવા લાગ્યા. તો જમાઈ કેટલા રૂપિયા લઈ ગયો હશે !

જવાબ–

રૂા. ૧૫૦,૯૯૫૦૦

× ૧૬૭૭૭૨૧૬ માંથી બગડો લઈ લઇએ તો ૧૬૭૭૭૧૬ થાય. મૂળ આપેલી રકમમાંથી શું બાદ કરીએ તો ૧૬૭૭૭૧૧ આવે જે રકમ બાદ કરીએ તે જવાબ.

૧૧૮

૨૦ પાન વહેંચી આપો ?

નવસારીથી આવી જાન, વીસ માણુસને વીસ પાન,
વેંચી આપો એ નિરધાર, ઢીલ ન કરો મન લગાર
પુરુષને બે આપો સાથ, તેનું પોણું બાયડીને હાથ,
અર્ધું પાન બાળકનું જાણો, એ રીતે વેંચો પ્રમાણુ.

જવાબ

૪	પુરુષ	૮ પાન
૪	સ્ત્રી	૬ પાન
૧૨	બાળક	૬ પાન
૨૦	માણુસો	૨૦ પાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૯

કેટલી કેરી હતી ?

જાતના જણુ બે, એક કિશાર અને એક કિશારી
એક આંબાનું વૃક્ષ, તે તળે અગણિત કેરી,
એક વાળી ગાંઠ, ત્યાં તો કિશારી બોલી,
તુજ પાસે બે ભાગ, મારા એક ભાગ તોલે,
પણ તુજમાંથી એક પડી જડી' તે મેં કીધી છે છત્તી,
ત્યારે સરખી થઇ તે સાથમાં, કહો કેરી કેટલી હતી ?

જવાબ

૨ અને ૪ કેરી

૧૨૦

રાજાને ત્યાં પ્રાણીઓ કેટલાં ?

એક રાયને ઘેર, ઘણા હાથી ને ઘોડા,
ઊંટો હતા અનેક ત્યાં, બીજા સાથી સજોડા,
અઢી મણ તો હાથી ખાય, દોઢ મણ ઊંટ જાણજે
પાંચ સેર ખાય અશ્વ, ગુણ તેહના ગણીજે,
એમ સો મણ દાણો નિત્ય વહે, સો જનાવર સાથમાં
ત્યારે ઊંટ ને અશ્વ કેટલાં શામળ કહે કેટલા હાથીઓ.

— જવાબ —

અડતાળીશ તો અશ્વ છે. છત્રસે ઊંટ સાર
સોળજ કહિએ હાથીઓ, તેમાંનો નિરધાર
પૂરા ઊંટ પંચાવના, પ્રોઢા હાથી પાંચ
ચાળીશ અશ્વ ઓપતાં, શ્યામા માનો સાચ
સત્તર ઊંટ તો જો ગણો, હાથી સાત ને વીસ
ત્યારે અશ્વ તો છપ્પન છે, રૂદે ન કરશો રીસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૧

એ તે કોણ હશે?

ખટ પુરુષે એક નાર, નાર ત્રણે નર જાણું.
સોળ નરે નર હોય. પરાક્રમી તે પરમાણું
બે પુરુષે એક પુરુષ, ભાગ દ્વાદશને નામે,
કરી વાયદો કંથ, ગયા ગુણવંતા ગામે,
વધતા તો વીશેક વહી ગયા, વસ્યા તહાં કો વાટમાં,
શામળ કહે છે તે સુંદરી, અતિદીઠી ઉચાટમાં.

ઉતર

છ ચોખાની રતી
ત્રણ રતીનો વાલ,
સોલ વાલને ગદિયાણો,
બે ગદિયાણાનો તોલો
તોલાનો બારમો ભાગ માસો
એટલે કે મહિનો.

૧૨૨

કેટલાં મોતી હતાં?

એક રાયનો કુંવર લાવ્યો, મોતી મન વીણી
હતી ચાર ઘર નાર, આવી તેમાં એક રાણી
સરખા ચારે ભાગ કરે, વધતું એક મોતી,
તે સુદ્ધાં નિજ ભાગ, લેઈને ગઈ સોહંતી
તે પરમાણે સરખા ભાગ પર, એક એક સૌએ લીધાં,
બાકી રહ્યાં તે રાયજી, ચારેને સરખાં દીધાં.

ઉતર–

અડતાળીસે એકસઠ, મોતી હતાં તે મેળ,
એક એક વધતું વહેંચજો, ખરો હુન્નર એ ખેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૩

ગોરી બેઠી ગોખ; તળે નદી કેરે નીરે;
ટૂટયો મોતી હાર, પડયો જઈ તેને તીરે.
અર્ધ મોતી જળ માંહી. પલકમાં જઈને પડીયાં,
ચોથ સવાયો ભાગ, અર્ધ કચરે જઈ અડીયાં,
વળી છઠે ભાગ શેવાલમાં, ગબડી ગબડીને ગયાં,
કહીએ મોતી એ કેટલાં ? કામની કરમાં બે રહ્યાં.

ઉતર–

છન્નુ મોતી છત હતાં, ચોથ સવાયાં ત્રીસ,
છઠે ભાગ તો સોળ છે, બે કર અડતાળીશ.

૧૨૪

કેટલાં મોતી ?

રેન હતી તે રંગપતી. હાર તૂટયો મુકતાફળ,
સેજ ગીરો સાડત્રીસને, અર્ધ ભોમી પર દાખલ,
ત્રીસ હાથ ત્રેસટ ગયે, પીઆ પંચ ભાગ છૂપાયો
ભાગ ન ગયે નવ ભાગ, સખીકું સીત્તેર પાયો,
ગુણાકાર ગુણ ઓચરો, સૂત હો ચતુર સુજાણ
ઇન મોતનકે હારકો, નિશ્ચે કરો પરચાણ

જવાબ–

મૂળ ગોથ દો એકી કરો, એ આગળ દો મીંડા ધરો
ગુણાકાર કો કરો બિચાર, ઇતને મોતી તે નિરધાર
(૯૦૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૫

કેટલાં પક્ષી?

પંખી ટોળાં એજ ઊડી આકાશે આવ્યાં;
ચંપક વનમાં તેહ ભલાં તે સૌને ભાવ્યાં;
બોલ્યું ટોળું એક, એક તમમાંથી આવો,
સરખાં થઈએ બેય, ભલાં સૌને મન ભાવો,
ત્યાં બીજું ટોળું બોલીયું, એક પક્ષી આપો તમે
તો બમણાં થઈએ તમ થકી, ગણ પક્ષી પૂછું અમો,

ઉત્તર—

એમાં તે સંદેહ શો, શાસ્ત્ર સાક્ષી દે સાચ,
બધાં મળી બારજ હતાં, પક્ષી સાત ને પાંચ

૧૨૬

ઝાડ પર પક્ષી અને પાન કેટલાં?

પંખી ટોળું પ્રૌઢ ઉડી આકાશે આવ્યું,
વનમાં વડ ગંભીર તે તણું વૃક્ષજ ભાવ્યું,
એક એક પત્રે પક્ષી બુદ્ધિ થકી તો બેઠાં,
વધ્યું પક્ષી ત્યાં એક સૌ ચિંતામાં પેઠાં,
ફરી બેઠાં તે બે બે જણાં ત્યાં એક જ પાંદડું વધ્યું,
કહીએ પક્ષી તે કેટલાં ? કહો પાન પણ ગણી લીધું.

ઉત્તર—

એ મેં પારખ્યું, કહી સંભળાવું કર્ણ;
ચતુર પંખી એ ચાર છે વડે પાંદડાં ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૭

કેટલી કેરી હતી ?

જાતાં તા જણુ બેજ. એક મરદ એક બૈરી,
એક આંબાનું વૃક્ષ, તે તળે અગણિત કેરી,
બે જણુ બાંધી ગાંઠ, તહીં તે બાળા બોલી,
તમ પાસે બે ભાગ, એક મુજ પાસે તોલે,
તમ આગળથી એક પડી જડી તે મેં કીધી છે છત્તી,
બે સરખી થઇ તે સાથમાં, કહો કેરી કેટલી હતી ?

ઉ-તર–

ફત જોતામાં છ હતી, એક બાંધી ચાર;
એટલે ત્રણ ત્રણ થઇ પડી, પંડિત કરે વિચાર,

૧૨૮

ઊંચો આંબો શુભ વૃક્ષ તે, લુમે લડ થડિયો,
એક ધેનુ આવી તાંહે, અર્ધ ભાગ તો હરીયો,
એક હતો માર્ગ માંહે, હાંસ મન તેણે કીધી,
ત્રેપન ઉપર તેર, તો કેરી તેણે લીધી,
ગઇ વેઠે દરબાર, એકસો ઉપર આઠ,
ધણીએ જાણી વાત, ઘેર લાવ્યો પચાસ.
બાકી કેરી જે રહી, આંબા વૃક્ષની સાથ,
ગણિતમાં તે થઇ પડી. પાંસેઠ ઉપર પાંચ,
પંડિત લેખું એ વાતનું, કરો ચતુર સુજાણુ,
કહો એ કેરી કેટલી, સિદ્ધ કરો પ્રમાણુ.

ઉતર–

પ્રત્યુત્તર વાત તણો, બાંધી રાખો ગાંઠ,
સર્વ મળી પાંચસો હતી, એંસી ઉપર આઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૯

કેટલા ચોખા ખવાય?

ચોસઠ ચાવલ કોળિઓ, ગ્રાસ બત્રીસ દિન ખાય.
તે નર જીવે સો વર્ષ તો કેટલા ચોખા થાય?

જવાબ– ૭૩૭૨૮૦૦૦

૧૩૦

કેટલી સ્ત્રી આંજે?

રતી કાજળ નવ જણી, નહિણે આંજે ચાર,
નવમણ કાજળ ભેળિએ, આંજે કેટલી નાર?

જવાબ– ૧૦૮૮૬૪૦૯.

૧૩૧

કેટલા ગજ લાકડું હતું!

અર્ધ કીચડ ત્રીજભે પડ્યું, દશમો ભાગ શેવાળે અડ્યું
બાર ગજ તો બારણે રહ્યું, તે લાકડું કેટલું થયું?

જવાબ– ૧૮૦ ગજ.

૧૩૨

કેટલા નાળિયેર આણવા?

બાપા બેટી લાડકી, ફોફળ માંગે ચાર.
હાટે હાટે ચોગણાં, સોળ હાટે લેનાર.

જવાબ–

મેલ સત્તાવન પર છવીસ, બાસટે આગળ ધર દો તીસ.
છક્કા ઉપર મીડાં લખો, ઇતના ફોફળ આણી રાખો.
(૫૭૨૬, ૬૨૩૦, ૬૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના કે ચાતુરી ?

ધારેલો આંક કહી બતાવવાની ચાતુરી

બીજાનાં મનની વાત તમે જાણી શકો, બીજાનાં વિચારોને તમે વાંચી શકો તો અંગ્રેજીમાં તેને 'ટેલીપેથી' કહે છે. ટેલીપેથી એટલે વિચાર–વાચન કળા. સામા માણસના મગજમાં શા વિચારો છે, એને શું જોઈએ છે તે આ વિદ્યા દ્વારા જાણી શકાય છે. આવી જ રીતની કળા ગણિત ચમત્કારમાં પણ છે. સામા માણસે શું આંક ધાર્યો છે ને આ કળા દ્વારા તમે તરત જ તેને કહી આપી શકો છો. તમારા મિત્રે કઈ સંખ્યા ધારેલી છે, એના હાથમાં કે એના ખીસામાં કેટલા નાણાં છે, એની વય કેટલી છે, એને સંતાનો કેટલા છે વગેરે આ યુકિત દ્વારા તમે તરત જ એક ક્ષણુમાં તે જાણી શકો છો. આ રહ્યા એ જાદુઈ પ્રયોગો :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૩

તમે કોઈપણ એક રકમ ધારો.

ધારી .... ૬ (મનમાં)

	૬
એને બેવડી કરો	× ૨
	૧૨
એમાં ૪ ઉમેરો	+૪
	૧૬
એને ૫ ગુણો	×૫
	૮૦
એમાં ૧૨ ઉમેરો	+૧૨
	૯૨
એને ૧૦ ગુણો	×૧૦
	૯૨૦
૩૨૦ બાદ કરો	−૩૨૦
	૬૦૦

જે રકમ આવી હોય તેમાંથી બે મીંડા કાઢી નાખો. બાકી રહેલો આંક એ તમારો ધારેલો આંક.

૧૩૪

કોઈ પણ એક રકમ ધારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારી............૧૨ (મનમાં) ૧૨
એને બેવડા કરો ×૨
૨૪
એમાં ૪ ઉમેરો +૪
૨૮
એને ૫ ગુણો ×૫
૧૪૦
એમાં ૧૨ ઉમેરો +૧૨
૧૫૨
એને ૧૦ ગુણો ×૧૦
૧૫૨૦
૩૨૦ બાદ કરો —૩૨૦
૧૨૦૦

હવે શું આવ્યું તે પૂછો. ૧૨૦૦ કહેશે. એટલે નિયમ મુજબ બે મીંડા કાઢી નાખો અને જે રહે તે ધારેલો આંક સમજવો.

૧૩૫

બીજી રીત

તમે કોઈ પણ એક આંક ધારો.
ધાર્યો............૪ (મનમાં)
૪
એને ૩ ગુણો ×૩
૧૨
+૧
૧૩
૩ ગુણો ×૩
૩૯
ધારેલી રકમ ઉમેરો +૪
૪૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું આવ્યું ?

૪૩, એમાંથી ૩ કાઢી નાંખો જે આવશે તે જવાબ.

૧૩૬

કોઈ પણ સંખ્યા ધારો.

ધારી. ૧૧ (મનમાં)

	૧૧
એમાં ૧ ઉમેરો	+૧
	૧૨
એને ૩ ગુણો	×૩
	૩૬
એમાં ૧ ઉમેરો	+૧
	૩૭
એમાં ધારેલી સંખ્યા ઉમેરો	+૧૧
	૪૮
એમાંથી ૪ બાદ કરો	−૪
	૪૪

હવે પૂછો-શું આવ્યું ?

એ કહેશે—'૪૪'

એ જે રકમ કહે તેને તમારા મનમાં જ ૪ થી ભાગી નાખો.

૪૪
÷ ૪
૧૧

જે ભાગાકાર આવે તે જવાબ.

૧૧ એ તેની ધારેલી સંખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૭

એક રકમ ધારો.
ધારી.........૧૧ (મનમાં)

૧૧
એમાં ધારેલી રકમ ઉમેરો +૧૧
૨૨
કોઈ પણ બેકીની રકમ ઉમેરાવો +૮
૩૦
અને અર્ધાએ ભાગો ÷૨
૧૫

હવે શું રકમ વધી તે તેને પૂછો
એ કહેશે............૧૫
એમાં તમે જે રકમ ઉમેરાવી હતી તે એને બાદ કરવા કહો. (તમે એને ૮ રકમ ઉમેરાવી હતી એટલે એની અર્ધી રકમ ૪એમાંથી બાદ કરવા કહો.) બાકી જે આવે તે એની ધારેલી રકમ. −૪
૧૧

૧૩૮

એક રકમ ધારો
ધારી.........૧૭ (મનમાં)

૧૭
એને ૫ ગુણો ×૫
૮૫
એમાં ૪ ઉમેરો +૪
૮૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૯
એને ૨ ગુણો ×૨
૧૭૮
એમાં ૨૦ ઉમેરો +૨૦
૧૯૮
૧૦ ગુણે ×૧૦
૧૯૮૦
૨૦ ઉમેરો +૨૦
૨૦૦૦

શું આવ્યું ?

૨૦૦૦.

એમાંથી તમે તેના છેલ્લા બે આંક કાઢી નાંખો (૨૦ રહ્યા)

અને જે આવે તેમાંથી ૩ બાદ કરો ૨૦
−૩
૧૭

એની જે બાદબાકી આવે તે જવાબ.

૧૩૯

અમુક રકમ ધારો.

ધારી ૨૫

જેટલી રકમ તમે ધારી એટલી અંદર
મારી રકમ ઉમેરો +૨૫
૫૦
૧૨ રૂપિયા ધર્મના ઉમેરો +૧૨
૬૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨
જે આવ્યું તેના અર્ધા કરો ÷૨
૩૧
એમાંથી તમારા રૂપિયા તમે લઈ લ્યો −૨૫
૬.

હવે શું વધ્યું તે તમને કહું ?

૬ વધ્યાને ?

જેટલા ધર્મના તમે ઉમેરાવ્યા હોય એનાંથી અર્ધા નીચે વધે છે. આ કરામતની એ ખૂબી છે.

૧૪૦

તમે કોઈ પણ એક રકમ ધારો અને તેના સરવાળા–બાદબાકી વગેરે કરાવ્યા પછી શું બાકી રહેશે તે હું તમને તરત જ કહી આપીશ.

"કેવી રીતે ?" તમારો મિત્ર સામો પ્રશ્ન કરશે.

"તેનું કંઈ તમારે કામ છે. મારી પાસે દૈવી શક્તિ છે."

એમ ચાલો ત્યારે ધારી... ... ... ૧૫
એને બેવડી કરો +૧૫
૩૦
એમાં ૬ ઉમેરો +૬
૩૬
એને ૨ વડે ભાગો ÷૨
૧૮
તમારી ધારેલી રકમ લઈ લો. −૧૫
૩

હવે શું આવ્યું તે તમે તેને પૂછો, એ કહેશે "બરાબર" આજ તમારી ધારેલી રકમ.

[કોઈપણ રકમ ધારતાં તેને ઉપર પ્રમાણે સરવાળા બાદબાકી કરાવશો તો બાકી ૩ જ રહેશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૧

તમારા મિત્રને સંતાનો કેટલા ?

તમને કેટલાં સંતાનો છે તે હું મારી જાદુઈ વિદ્યા દ્વારા કહી બતાવું એમ છું.

તમારો મિત્ર તમારી આ વાતને ડંફાસ ગણશે અને તમારી એ શક્તિ માટે શંકા વ્યક્ત કરશે.

તમે એને કહેવા માંડો...તમારા સંતાનોની સંખ્યા ગણો.

એ કહેશે–'ગણી'

	૩
એને એટલી જ સંખ્યાએ ગુણો	× ૩
	૯

હવે એને કહો—જેટલા ધાર્યા હોય તેમાંથી ૧ બાદ કરો

	૩
	− ૧
	૨
એને એજ રકમે ગુણો.	× ૨
	૪
એમાંથી આગળના ૯ ને બાદ કરો	− ૯
	૫
એમાં ૧ ઉમેરો	+ ૧
	૬

હવે તમે પ્રશ્ન પૂછવાનું બંધ કરો અને તમારા મિત્રને કહો કે શું આવ્યું.

એ કહેશે ૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે મનમાં જ એ આંકને અર્ધા કરી નાંખજો, એટલે જે આવશે તે એનો જવાબ. ૬ નું અર્ધું કરતાં ૩ રકમ આવી. આટલા એના સંતાનો.

૬૪૨

ધારેલો મહિનો કહેવાની કરામત

તમારા મિત્રને બાર મહિનામાંથી કોઈ પણ એક મહિનો ધારવાનું કહો. દા. ત. તમારો એ મિત્ર મે મહિનો ધારે તો તેનો જ આંક લઈ પછી તેને નીચે મુજબ પ્રશ્નો કરો :—

ધારેલા મહિનાનો આંક...મે...	૫
તેમાં ઉમેરો	+ ૧૧
	૧૬
તેને ત્રણે ગુણો	× ૩
	૪૮
તેમાં ૧૮ ઉમેરો	+ ૧૮
	૬૬
બે એ ગુણો	× ૨
	૧૩૨
ત્રણે ભાગો	÷ ૩
	૪૪
પાંચે ગુણો	+ ૫
	૨૨૦
પાંચ ઉમેરો	+ ૫
	૨૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે શું આવ્યું તે પૂછો. એ જે સંખ્યા કહે તેમાંથી તમે જમણા હાથનો પહેલો આંકડો કાઢી નાંખો અને પછી જે રહે તેમાંથી સત્તર બાદ કરી નાંખો એટલે જે વધે તે તમારા મિત્રનો ધારેલો મહિનો સમજવો.

ઉપરના દાખલામાં ૨૨૫ વધ્યા એમાંથી જમણા હાથનો આંક પાંચ છે એટલે તે કાઢી નાંખ્યો. વધેલા ૨૨ માંથી ૧૭ બાદ કર્યા એટલે ૫ આવ્યા. આ ૫ તે ધારેલો મહિનો–મે.

કેમ બરાબર છે ને ?

૧૪૩

ધારેલો મહિનો કહી આપું ?

બાર મહિનામાંનો ગમે તે એક મહિનો તમે ધારો.

ધાર્યો...શ્રાવણ (મનમાં) એ મહિનો કેટલામો છે તે યાદ રાખો.

૫ મો (ચૈત્રથી ગણતાં)

૫

એમાં ૧૭ ઉમેરો + ૧૭

એને ૧૨ થી ભાગો ૧૨) ૨૨ (૧
૧૨
૧૦

હવે પૂછો–" શું વધ્યું ?"

એ કહેશે ૧૦

તમે તરતજ કાર્તિકથી મહિના ગણવા માંડજો અને દશમો મહિનો આવે એટલે અટકી જજો. આવી રીતે ગણતાં શ્રાવણ આવશે. શ્રાવણ એ તેનો ધારેલો મહિનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૪

તમારી વય કેટલી?

સામા માણસની વય કહેવાની એક કરામત નીચે બતાવવામાં આવે છે :—

તમારો મિત્ર જે મહિનામાં જન્મ્યો હોય તે મહિનાનો આંકડો મૂકવાનું તેને કહો. (જાન્યુ.–૧, ફેબ્રુ–૨–એમ) એ ઑગસ્ટમાં જન્મ્યો છે.

એટલે તેણે મૂક્યો...આંક...	૮
એને બેવડા કરો	× ૨
	૧૬
એમાં ૫ ઉમેરો	+ ૫
	૨૧
એને ૫૦ થી ગુણો	× ૫૦
	૧૦૫૦
એમાં તમારા ગયા વર્ષની વય ઉમેરો. દા. ત. ૧૬	+ ૧૬
	૧૦૬૬
એમાંથી ૩૬૫ બાદ કરો	− ૩૬૫
	০૭০૧
એમાં ૧૧૫ ઉમેરો	+ ૧૧૫
	০૮૧૬

હવે શું આવ્યું તે પૂછો. પહેલા બે આંકડા અથવા તો એક આંકડો તમારો મિત્ર કયા મહિનામાં જન્મ્યો છે તે બતાવશે. (દા. ત. અહીં ૮ આંક છે તો તે જન્મ માસ ઓગસ્ટનો આંક છે જે ધારવા મુજબ જ છે.) છેલ્લો એક અથવા બે આંક તમારા મિત્રની વય બતાવશે (અહીં ૧૬ છે. જે એની વય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૫

એકથી વધુ ધારેલી રકમો કહેવાની રીત.

તમારા મિત્રને કોઇ પણ રકમો ધારવા માટે કહો.

એ ધારે. દા. ત. ૬, ૯ અને ૪. એને પહેલી સંખ્યામાં જે રકમ ધારી હોય તેજ ઉમેરવા કહો—

	૬
	+ ૬
	૧૨
૧ ઉમેરવા કહો	+ ૧
	૧૩
૫ ગુણવા કહો	× ૫
	૬૫
એમાં ધારેલી બીજી સંખ્યા ઉમેરો	+ ૯
	૭૪
એમાં જે રકમ આવી હોય તેટલી જ રકમ ઉમેરો એટલે કે તેને બેવડી કરો	+ ૭૪
	૧૪૮
એમાં ૧ ઉમેરો	+ ૧
	૧૪૯
૫ ગુણો	× ૫
	૭૪૫
એમાં ધારેલી ત્રીજી સંખ્યા ઉમેરો	+ ૪
	૭૪૯
હવે શું આવ્યું તે પૂછો. એ જે કહે તે સંખ્યામાંથી એણે ત્રણ રકમ ધારી છે એટલે તમારા મનમાં જ તમે ૫૫ બાદ કરી દો.	− ૫૫
	૬૯૪

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદબાકી ૬૯૪ આવી. આ ૬-૯ અને ૪ એ તેનો જવાબ.

(તા. ક. જો તમારા મિત્રે ચાર રકમ ધારી હોય તો ૫૫૫ બાદ કરાવો. પાંચ ધારી હોય તો ૫૫૫૫ જેટલી રકમ ધારી હોય એમાં ૫ વધારતાં જ જવું.)

૧૪૬

વીંટી ચોરનાર, તેને રાખનાર તથા તે ક્યા હાથમાં પહેરી છે તે પારખી કાઢવાની કલા

સરખે સરખા નવ માણસોનું ટોળું બેઠું હોય, વાર્તાલાપ-ગમ્મત ચાલી રહી હોય, તેવે વખતે બેઠેલાઓને અજાયબ પમાડવા તમે તેમને કહો-'હું' એક એવી શક્તિ ધરાવું છું કે તે દ્વારા વીંટી ચોરનાર, રાખનાર તથા તેણે તે ક્યા હાથમાં રાખી છે તે પારખી શકુ છું'.

બેઠેલાઓમાંના તમારી આ વાતથી વિચારમાં પડી જશે. કેટલાક કહેશે કે તમે ડંફાસ મારો છો, એવું તે કેવી રીતે પારખી શકાય!

આવાઓને ખાત્રી કરાવવા માટે તમે એ બેઠેલા માણસોને એક-બે-ત્રણ એમ નંબરો આપો, પછી બેઠેલાઓમાંના કોઈ એકની પાસે એક વીંટી ચોરાવો અને પછી તમે તમારી રીત સમજાવો.

જેણે વીંટી લીધી હોય તેનો નંબર લઇ તેમાં તમે તેને ૭ ઉમેરવા માટે કહો. પછી ૧૫ થી ગુણી ૬ ઉમેરવા માટે જણાવો. તે બાદ ૩ થી ભાગી, બેએ ગુણવા કહેવું. પછી જે માણસે વીંટી રાખી હોય તેનો નંબર ઉમેરવા કહો. તે પછી એમાંથી ૭૩ બાદ કરી તેને પાંચે ગુણવા કહો, પછી ૧૬૫ બાદ કરી તેને બેએ ગુણવા, બાદ ૬૭ ઉમેરી જે હાથમાં એ વીંટી રાખી હોય તે હાથ ઉમેરવા કહો. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ૬એ ગુણી તેમાં ૧૮ ઉમેરી તેને પાછા પાંચે ગુણી પછી ત્રણે ભાગવા કહેવું. તે બાદ જે સરવાળો આવ્યો હોય તે પૂછવો. એ જે સરવાળો કહે તેનો છેલ્લો આંકડો કાઢી નાંખી તેમાંથી તમારે ૧૫૦ બાદ કરવા. પછી જે રહે તે સંખ્યાનો ડાબા હાથ પરનો પહેલો આંક તે વીંટી ચોરનારનો નંબર, બીજો આંક એટલે કે વચ્ચેના આંકવાળો માણસ વીંટીનો રાખનાર અને છેલ્લો આંક તે તેનો હાથ.

દા. ત. ચાર નંબરના માણસે વીંટી લીધી છે, તો તેનો આંક.

```
     ૪
   + ૭
   ───
    ૧૧
   ×૧૫
   ───
   ૧૬૫
   + ૬
   ────
૩) ૧૭૧ (૫૭
   ૧૫
   ────
   ૦૨૧
    ૨૧
   ────
     ૦
   ────
     ૫૭
    × ૨
   ────
    ૧૧૪
    + ૩
   ────
    ૧૧૭
   − ૩૩
   ────
     ૮૪
```

ચોરલી વીંટી જેણે રાખી હોય તેનો નંબર. દા. ત. તેનો નંબર ૩ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૪
× ૫
= ૪૨૦
− ૧૬૫
= ૨૫૫
× ૨
= ૫૧૦
+ ૬૭
= ૫૭૭

બીજા (ડાબા) હાથમાં રાખ્યો એટલે + ૨
= ૫૭૯
× ૬
= ૩૪૭૪
+ ૧૮
= ૩૪૯૨
× ૫
= ૧૭૪૬૦

૩) ૧૭૪૬૦ (૫૮૨૦
૧૫
—
૨૪
૨૪
—
૦૦૬
૬
—
૦૦

એનો છેલ્લો આંક કાઢી નાંખવો ૫૮૨૦
૫૮૨
−૧૫૦
= ૪૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ—પહેલો આંક (ડાબા હાથથી ગણતાં) ૪ તે વીંટી ચોરનાર, ૩ વીંટી રાખનાર અને ૨ તે બીજો હાથ.

૧૪૭

પાંચ-દશ માણસોની મિજલસમાં બેઠેલા કોઇપણ માણસે પોતાની વીંટી કયા હાથે, કઇ આંગળીએ અને કયા કાપા ઉપર પહેરી છે તે તમારે કહી બતાવવું હોય તો નીચેની રીત અજમાવો. તમારી આ અજબ કરામતથી બેઠેલાઓ અજાયબ બની જશે.

બેઠેલા માણસોને નંબર આપો અને પછી જે માણસે વીંટી પહેરી હોય તેનો નંબર પૂછો અને પછી તેની પાસે નીચે મુજબની ગણત્રી કરાવો:—

વીંટી પહેરનાર માણસનો નંબર	૪
બેએ ગુણો	× ૨
	૮
પાંચ ઉમેરો	+ ૫
	૧૩
પાંચે ગુણો	× ૫
	૬૫
દશ ઉમેરો	+૧૦
	૭૫
જે હાથે વીંટી પહેરી હોય તે હાથનો નંબર ઉમેરો (જમણા હાથે હોય તો ૧ ડાબાએ હોય તો ૨) (અહીં ડાબાએ છે માટે ૨ ઉમેરાવ્યા.)	+ ૨
	૭૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	૭૭
દશે ગુણો	×૧૦
	૭૭૦
જે આંગળીએ વીંટી પહેરી હોય તે નંબર ઉમેરો.	+ ૩
(અહીં ૩જી આંગળીએ વીંટી પહેરી છે એટલે તે નંબર ઉમેરાવ્યો)	૭૭૩
દશે ગુણો	×૧૦
	૭૭૩૦
આંગળીના જે કાપા ઉપર વીંટી હોય તે કાપો ઉમેરે.	+ ૨
(અહીં બીજા કાપા ઉપર છે એટલે બે ઉમેરાવ્યા	૭૭૩૨
૩૫ ઉમેરો	+ ૩૫
	૭૭૬૭
એમાંથી ૩૫૩૫ બાદ કરો.	૩૫૩૫
જવાબ.	૪૨૩૨

આ ઉપરથી સમજી જવું કે ૪ નંબરના માણસે પોતાના ૨ જા હાથમાં એટલે કે ડાબા હાથમાં ૩ નંબરની આંગળીએ બીજા કાપા ઉપર વીંટી પહેરી છે.

૧૪૮

ચોપડીનો કયો શબ્દ વાર્યો છે તે કહેવાની કલા

તમારા મિત્રને કોઈપણ એક ચોપડીનું પાનું ઉઘાડવા માટે કહો. એ જ્યારે પાનું ઉઘાડે ત્યારે એને કહો કે એ પાના પરની પહેલી દશ લીંટીઓમાંથી કોઈપણ એક શબ્દ ધારે. આ શબ્દ એ લીંટીમાંના પહેલા દશ શબ્દોમાંથી હોવો જોઈએ. તમે એને ગુણાકાર, ભાગાકાર, સરવાળો વગેરે કરાવી એણે કયો શબ્દ વાર્યો છે તે કહી આપો. એ જવાબ સાંભળી નવાઈ પામી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રહી એ રીત. દા. ત. એણે ૩૪ માં પાના પરની ૮ મી લાઇનનો ચોથો શબ્દ ધાર્યો છે. એને કહો :—

જે પાનું ધાર્યું હોય તેની સંખ્યા	૩૪
એવડી કરો	× ૨
	૬૮
એને પાંચે ગુણો	× ૫
	૩૪૦
એમાં ૨૦ ઉમેરો	+ ૨૦
	૩૬૦
જે લીટી ધારી હોય તે આંક ઉમેરો	+ ૮
	૩૬૮
એમાં પાંચ ઉમેરો	+ ૫
	૩૭૩
એને દશે ગુણો	× ૧૦
	૩૭૩૦
એમાં જે શબ્દ ધાર્યો હોય તેનો ક્રમ મુજબ આંક ઉમેરો	+ ૪
	૩૭૩૪
એમાંથી ૨૫૦ બાદ કરો	− ૨૫૦
	૩૪૮૪

હવે શું આવ્યું તે પૂછો. એ જે કહે તે રકમના પહેલા બે આંક પાનાનાં નંબર (૩૪) તે પછીનો આંક લીંટીનો (૮) અને છેલ્લો આંક શબ્દનો. (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૯

કાઢી નાંખેલો આંક પારખવાની રીત

ગમે તે એક આંક ધારો.	
"ધાર્યો."	૧૯
મરજી પડે તેટલા ઉમેરો.	+૨૦
બેએ ભાગો	૨)૩૯(૧૯ ૩૮
એક વધ્યો એટલે ાા ભાગાકારમાં ઉમેરો.	૦૧
(ન વધે તો કંઈ નહિ)	૧૯ાા
છએ ગુણો	× ૬
	૧૧૪ ૩
	૧૧૭
એમાંથી કોઇપણ એક આંક કાઢી નાંખો	
કાઢી નાંખ્યો (૭ કાઢ્યા.)	૧૧
શું રહ્યું તે કહો? ૧૧	
(એ જે બાકી કહે તેને ૯ થી ભાગવા	
	૯)૧૧(૧ ૯
	૨

જે શેષ રહે તેમાંથી ૯ બાદ કરવા અને જે રહે તે કાઢી નાંખેલો આંક. (૨-૯=૭) ૭ એ કાઢી નાંખેલો આંક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૦

ઉપર મુજબ જ પાછી એક મીડાં વગરની સંખ્યા ધારો.

ધારી	૫૨
એને દોઢી કરો	×૧॥
	૫૨
	૨૬
	૭૮
બમણી કરો	× ૨
	૧૫૬
ત્રમણી કરો	× ૩
	૪૬૮

ડાબો કે જમણો ગમે તે એક બાજુનો આંક સંતાડો.

સંતાડયો ૪.

શું રહ્યું ?

૬૮.

તમારી ધારેલી સંખ્યા ૪૬૮

કેમ, ખરૂંને ?

એ કેવી રીતે કહ્યું ?

જુવો, સમજાવું—

તમે બાકી ૬૮ કહ્યા. એને મેં મનમાં ૯ થી ભાગી નાંખ્યા. શેષ ૫ વધી તે મેં ૯ માંથી બાદ કરી. એટલે ૪ વધ્યા. આ ૪ ને મેં ૬૮ ની આગળ મૂકી દીધા. એટલે ૪૬૮ થયા. તેને ૯ થી પાછા ભાગ્યા. એટલે ૫૨ આવ્યા. આ ૫૨ એ તમારી ધારેલી રકમ. બરાબરને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૧

તમારો નફો કેટલો ?

તમારા મનમાં ૧ આનાના કેટલાક જમરૂખ વેચાતા લ્યો. એ એક–એક જમરૂખની ચાર–ચાર લેખે ચીરી કરો. પછી એક–એક ચીરીમાંથી ચાર–ચાર બીયાં કાઢો અને તે બીયાં ને જમીનમાં રોપો.

આ રોપેલાં બીયાંનું જમરૂખ થયું તે તોડી લ્યો. એ બધા જમરૂખો ભેગા કરી જે ભાવે તમે જમરૂખ વેચાતા લીધા હતાં તે ભાવે વેચી દો. તો તમને શું નફો થયો ? કહું ?

જવાબ—૧૫ આના નફો.

૧૫૨

તમારા પાસામાં શું પડયું ?

તમે પાસા નાંખો અને શું પડયું છે તે જોયા વગર હું કહી આપું ?

એમ છે...લ્યો પાસા નાંખ્યા.

જેટલા દાણા પડયા હોય :તેના એકને બેવડા કરો. (દા. ત. બે છગ્ગા પડયા છે. એટલે)

	૬
	+ ૬
	૧૨
પાંચ ઉમેરો	+ ૫
	૧૭
પાંચ ગુણો	× ૫
	૮૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	૮૫
બીજા પાસામાં જે આંક હોય તે ઉમેરો ૬ હતા એટલે	+ ૬
	૯૧
એમાંથી ૨૫ બાદ કરો	−૨૫
	૬૬

શું આવ્યું તે પૂછો. એ જે કહે તેટલા દાણા સમજવા. અહીં ૬૬ આવ્યા એટલે તરત કહી દેવું. બે છગ્ગા. કેમ ખરૂંને ?

અજમાવો જોઈએ ?

૧૫૩

કોઇપણ માણસની વય તથા તેની ધારેલી સંખ્યા કેવી રીતે કહી શકાય ?

તમારા કોઈપણ મિત્રને નીચે આવેલા કોઠામાંથી તેની ધારેલી સંખ્યા કે પછી તેની વય જે જે કોઠામાં આવતી હોય તે તે કોઠા બતાવવાનું તેને કહો. એ તમને તે કોઠા બતાવે એટલે તમારે તે તે કોઠાની ઉપર આપેલા બધા આંકનો સરવાળો મનમાં કરવો. આ સરવાળો જે આવે તે તમારા મિત્રની ધારેલી સંખ્યા કે પછી તેની વય હોવી જોઈએ. આંક ૬૩ થી વધુ ન જ હોવો જોઈએ.

દા. ત. તમે ૩૩ ધાર્યા. આ ૩૩ નો આંક માત્ર ૧ લા અને ૬ ઠ્ઠા કોઠામાં જ આવે છે. એટલે આ કોઠાઓની ઉપરના આંક અનુક્રમે ૧ અને ૩૨ છે. એ બન્નેનો સરવાળો ૩૩ થયો. આ ૩૩ એ તમારો ધારેલો આંક કે તમારી વય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧	૨	૪	૮	૧૬	૩૨
૩	૩	૫	૯	૧૭	૩૩
૫	૬	૬	૧૦	૧૮	૩૪
૭	૭	૭	૧૧	૧૯	૩૫
૯	૧૦	૧૨	૧૨	૨૦	૩૬
૧૧	૧૧	૧૩	૧૩	૨૧	૩૭
૧૩	૧૪	૧૪	૧૪	૨૨	૩૮
૧૫	૧૫	૧૫	૧૫	૨૩	૩૯
૧૭	૧૮	૨૦	૨૪	૨૪	૪૦
૧૯	૧૯	૨૧	૨૫	૨૫	૪૧
૨૧	૨૨	૨૨	૨૬	૨૬	૪૨
૨૩	૨૩	૨૩	૨૭	૨૭	૪૩
૨૫	૨૬	૨૮	૨૮	૨૮	૪૪
૨૭	૨૭	૨૯	૨૯	૨૯	૪૫
૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૪૬
૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૪૭
૩૩	૩૪	૩૬	૪૦	૪૮	૪૮
૩૫	૩૫	૩૭	૪૧	૪૯	૪૯
૩૭	૩૮	૩૮	૪૨	૫૦	૫૦
૩૯	૩૯	૩૯	૪૩	૫૧	૫૧
૪૧	૪૨	૪૪	૪૪	૫૨	૫૨
૪૨	૪૩	૪૫	૪૫	૫૩	૫૩
૪૫	૪૬	૪૬	૪૬	૫૪	૫૪
૪૭	૪૭	૪૭	૪૭	૫૫	૫૫
૪૯	૫૦	૫૨	૫૬	૫૬	૫૬
૫૧	૫૧	૫૩	૫૭	૫૭	૫૭
૫૩	૫૪	૫૪	૫૮	૫૮	૫૮
૫૫	૫૫	૫૫	૫૯	૫૯	૫૯
૫૭	૫૮	૬૦	૬૦	૬૦	૬૦
૫૯	૫૯	૬૧	૬૧	૬૧	૬૧
૬૧	૬૨	૬૨	૬૨	૬૨	૬૨
૬૩	૬૩	૬૩	૬૩	૬૩	૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૪

બોલતા કોઠા

નીચે મુજબના સાત પાના બનાવો અને તમે તમારા કોઈપણ મિત્રને તેમાંથી ૧ થી તે ૧૨૭ સુધીની કોઈપણ રકમ ધારવા માટે કહો. એ જ્યારે રકમ ધારે ત્યારે તમે તેને પૂછો–"તમારી ધારેલી રકમ કયા કયા પાનાઓમાં છે" અને એ જે પાનાઓ બતાવે તે પરથી તરત જ તમારે તેની ધારેલી રકમ કહી દેવી.

બોલો તમે આ કહી શકશો ?

૧	૩૩	૬૫	૯૭
૩	૩૫	૬૭	૯૯
૫	૩૭	૬૯	૧૦૧
૭	૩૯	૭૧	૧૦૩
૯	૪૧	૭૩	૧૦૫
૧૧	૪૩	૭૫	૧૦૭
૧૩	૪૫	૭૭	૧૦૯
૧૫	૪૭	૭૯	૧૧૧
૭	૪૯	૮૧	૧૧૩
૧૯	૫૧	૮૩	૧૧૫
૨૧	૫૩	૮૫	૧૧૭
૨૩	૫૫	૮૭	૧૧૯
૨૫	૫૭	૮૯	૧૨૧
૨૭	૫૯	૯૧	૧૨૩
૨૯	૬૧	૯૩	૧૨૫
૩૧	૬૩	૯૫	૧૨૭

૨	૩૪	૬૬	૯૮
૩	૩૫	૬૭	૯૯
૬	૩૮	૭૦	૧૦૨
૭	૩૯	૭૧	૧૦૩
૧૦	૪૨	૭૪	૧૦૬
૧૧	૪૩	૭૫	૧૦૭
૧૪	૪૬	૭૮	૧૧૦
૧૫	૪૭	૭૯	૧૧૧
૧૮	૫૦	૮૨	૧૧૪
૧૯	૫૧	૮૩	૧૧૫
૨૨	૫૪	૮૬	૧૧૮
૨૩	૫૫	૮૭	૧૧૯
૨૬	૫૮	૯૦	૧૨૨
૨૭	૫૯	૯૧	૧૨૩
૩૦	૬૨	૯૪	૧૨૬
૩૧	૬૩	૯૫	૧૨૭

૪	૩૬	૬૮	૧૦૦
૫	૩૭	૬૯	૧૦૧
૬	૩૮	૭૦	૧૦૨
૭	૩૯	૭૧	૧૦૩
૧૨	૪૪	૭૬	૧૦૮
૧૩	૪૫	૭૭	૧૦૯
૧૪	૪૬	૭૮	૧૧૦
૧૫	૪૭	૭૯	૧૧૧
૨૦	૫૨	૮૪	૧૧૬
૨૧	૫૩	૮૫	૧૧૭
૨૨	૫૪	૮૬	૧૧૮
૨૩	૫૫	૮૭	૧૧૯
૨૮	૬૦	૯૨	૧૨૪
૨૯	૬૧	૯૩	૧૨૫
૩૦	૬૨	૯૪	૧૨૬
૩૧	૬૩	૯૫	૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮	૪૦	૭૨	૧૦૪
૯	૪૧	૭૩	૧૦૫
૧૦	૪૨	૭૪	૧૦૬
૧૧	૪૩	૭૫	૧૦૭
૧૨	૪૪	૭૬	૧૦૮
૧૩	૪૫	૭૭	૧૦૯
૧૩	૪૬	૭૮	૧૧૦
૧૫	૪૭	૭૯	૧૧૧
૨૪	૫૬	૮૮	૧૨૦
૨૫	૫૭	૮૯	૧૨૧
૨૬	૫૮	૯૦	૧૨૨
૨૭	૫૯	૯૧	૧૨૩
૨૮	૬૦	૯૨	૧૨૪
૨૯	૬૧	૯૩	૧૨૫
૩૦	૬૨	૯૪	૧૨૬
૩૧	૬૩	૯૫	૧૨૭

૧૬	૪૮	૮૦	૧૧૨
૧૭	૪૯	૮૧	૧૧૩
૧૮	૫૦	૮૨	૧૧૪
૧૯	૫૧	૮૩	૧૧૫
૨૦	૫૨	૮૪	૧૧૬
૨૧	૫૩	૮૫	૧૧૭
૨૨	૫૪	૮૬	૧૧૮
૨૩	૫૫	૮૭	૧૧૯
૨૪	૫૬	૮૮	૧૨૦
૨૫	૫૭	૮૯	૧૨૧
૨૬	૫૮	૯૦	૧૨૨
૨૭	૫૯	૯૧	૧૨૩
૨૮	૬૦	૯૨	૧૨૪
૨૯	૬૧	૯૩	૧૨૫
૩૦	૬૨	૯૪	૧૨૬
૩૧	૬૩	૯૫	૧૨૭

૩૨	૪૮	૯૬	૧૧૨
૩૩	૪૯	૯૭	૧૧૩
૩૪	૫૦	૯૮	૧૧૪
૩૫	૫૧	૯૯	૧૧૫
૩૬	૫૨	૧૦૦	૧૧૬
૩૭	૫૩	૧૦૧	૧૧૭
૩૮	૫૪	૧૦૨	૧૧૮
૩૯	૫૫	૧૦૩	૧૧૯
૪૦	૫૬	૧૦૪	૧૨૦
૪૧	૫૭	૧૦૫	૧૨૧
૪૨	૫૮	૧૦૬	૧૨૨
૪૩	૫૯	૧૦૭	૧૨૩
૪૪	૬૦	૧૦૮	૧૨૪
૪૫	૬૧	૧૦૯	૧૨૫
૪૬	૬૨	૧૧૦	૧૨૬
૪૭	૬૩	૧૧૧	૧૨૭

૬૪	૮૦	૯૬	૧૧૨
૬૫	૮૧	૯૭	૧૧૩
૬૬	૮૨	૯૮	૧૧૪
૬૭	૮૩	૯૯	૧૧૫
૬૮	૮૪	૧૦૦	૧૧૬
૬૯	૮૫	૧૦૧	૧૧૭
૭૦	૮૬	૧૦૨	૧૧૮
૭૧	૮૭	૧૦૩	૧૧૯
૭૨	૮૮	૧૦૪	૧૨૦
૭૩	૮૯	૧૦૫	૧૨૧
૭૪	૯૦	૧૦૬	૧૨૨
૭૫	૯૧	૧૦૭	૧૨૩
૭૬	૯૨	૧૦૮	૧૨૪
૭૭	૯૩	૧૦૯	૧૨૫
૭૮	૯૪	૧૧૦	૧૨૬
૭૯	૯૫	૧૧૧	૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલ

તમારો મિત્ર જે આંક ધારે અને એ જે ખાનાઓ બતાવે તેનો દરેકનો પહેલો આંક લેવો અને તેનો સરવાળો કરી દેવો, જે સરવાળો આવે તે તમારા મિત્રનો ધારેલો જવાબ.

દાખલા તરીકે:— તમારા મિત્રે ૬૩ નો આંક ધાર્યો આ ૬૩ ની રકમના ખાના ૧, ૨, ૩, ૪, ૫, અને ૬ માં છે. હવે એ દરેક ખાનાનો પહેલો આંક અનુક્રમે ૧ + ૨ + ૪ + ૮ + ૧૬ + ૩૨ છે. અને એનો સરવાળો કર્યો એટલે ૬૩ થયા. આ ૬૩ એ જવાબ.

તમારા મિત્રે ૧૦૦ ધાર્યા હોય તો આ ૧૦૦ની રકમ ખાના ૩, ૬ અને ૭ માં છે એણે કયો આંક ધાર્યો છે તે જાણવા એના આપેલા ખાનાઓમાંના દરેકની પહેલી રકમનો સરવાળો કરો. એ રકમ છે ૪ + ૩૨ અને + ૬૪. એનો સરવાળો તે તમારા મિત્રની ધારેલી રકમ.

૧૫૫

તમારી ધારેલી સંખ્યા કહી આપવાની એક બીજી તરકીબ પણ મારી પાસે છે. આ રહી એ :—

નીચે ૭ ચોરસ આપવામાં આવ્યા છે. એમાંથી ગમે તે એક આંક ધારો. અને તમારો ધારેલો આંક ક્યા ક્યા ચોરસમાં આવે છે તે બતાવો. આ બતાવશો કે તરત જ હું તમારો ધારેલો આંક કહી બતાવીશ.

"એમ.........જોવું છે?,,

'હા'

ધારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા કયા ખાનામાં છે ?,

૨ – ૩ – ૪ માં

ધારેલી રકમ ૧૪ – કેમ ખરૂં ને ?

હા, પણ એ તમે કેવી રીતે જાણ્યું ?

એજ ખૂબી છે ને ! જુવો આ રહી તરકીબ.

૧

૩	૫	૭	૯	૧૧	૧
૧૩	૧૫	૧૭	૧૯	૨૧	૨૩
૨૫	૨૭	૨૯	૩૧	૩૩	૩૫
૩૭	૩૯	૪૧	૪૩	૪૫	૪૭
૪૯	૫૧	૫૩	૫૫	૫૭	૫૯

૨

૫	૬	૭	૧૩	૧૨	૪
૧૪	૧૫	૨૦	૨૧	૨૨	૨૩
૨૮	૨૯	૩૦	૩૧	૩૬	૩૭
૫૨	૩૮	૩૯	૪૪	૪૫	૪૬
૪૭	૫૩	૫૪	૫૫	૬૦	૧૩

૩

૯	૧૦	૧૧	૧૨	૧૩	૮
૧૪	૧૫	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦	૩૧	૪૦	૪૧
૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૧૩

૪

૩	૬	૭	૧૦	૧૧	૨
૧૪	૧૫	૧૮	૧૯	૨૨	૨૩
૨૬	૨૭	૩૦	૩૧	૩૪	૩૫
૩૮	૩૯	૪૨	૪૩	૪૬	૪૭
૫૦	૫૧	૫૪	૫૫	૫૮	૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૧૬
૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦	૩૧	૪૮	૪૯
૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૫૬	૫૭	૫૮	૫૯	૩૦	૬૦

૬

૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૨
૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩
૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯
૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૧૫
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૪૧

આ ૭ કોઠાઓ છે. એમાંથી તમે કોઇપણ રકમ ધારો, દા. ત. તમે ૧૫ ધારી. આ ૧૫નો આંક નં. ૧ – ૨ – ૩ – ૪ કોઠાઓમાં છે, અને આ ચાર કોઠાઓની જમણી બાજુના દરેક પહેલો આંક ૧+૪+૮+૨ નો સરવાળો પણ ૧૫ આવે છે. આ સરવાળો તે જવાબ. એના ઉપરથી જ ધારેલો આંક કહી શકાય.

ધારેલા આંક પારખવા માટે જે કોઠાઓ બતાવવામાં આવે તેનો જમણી બાજુના દરેક પહેલા ખાનાનો આંકનો સરવાળો કરી લેવો. અને જે સરવાળો આવે તે સામા માણસનો ધારેલો આંક જાણવો.

કેમ સમજ્યાને ! કેવી ખૂબી છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૬

૯ ના કોઠાનું આશ્ચર્ય ?

૯ × ૧ = ૯	=	૯
૯ × ૨ = ૧૮	= ૧+૮ =	૯
૯ × ૩ = ૨૭	= ૨+૭ =	૯
૯ × ૪ = ૩૬	= ૩+૬ =	૯
૯ × ૫ = ૪૫	= ૪+૫ =	૯
૯ × ૬ = ૫૪	= ૫+૪ =	૯
૯ × ૭ = ૬૩	= ૬+૩ =	૯
૯ × ૮ = ૭૨	= ૭+૨ =	૯
૯ × ૯ = ૮૧	= ૮+૧ =	૯
૯ × ૧૦ = ૯૦	= ૯+૦ =	૯

આમ ગુણાકાર ગમે એટલો આવશે તોપણ તેનો સરવાળો તો નવ જ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્કલ અજમાવો

૧૫૭


ઊંટોને કેવી રીતે બાંધવા?

એક વ્યાપારી પાસે ૪ ઊંટ છે. આ ૪ ઊંટને બાંધવા માટે તેની પાસે માત્ર પાંચજ વાંસ છે. આ પાંચ વાંસથી તે ચાર ઊંટોને એવી રીતે બાંધવા માંગે છે કે જેથી દરેક ઊંટના મુખમાં બબ્બે વાસનાં છેડા આવે અને એક પણ જોડેલો છેડો બાકી ન રહે.

આમ કેવી રીતે કરવું તેની વ્યાપારીને સમજ પડતી નથી. તમે શું એને મદદ ન કરી શકો?

ઉકેલ—

નીચે મુજબ ઊંટોને બાંધે તો એની ઈચ્છા મુજબ ઊંટો બાંધી શકાય.




CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૮

ધનજીશાહે ચાર આંબા ભાડુતોને કેવી રીતે વહેંચી આપ્યા ?




ધનજીશાહે ઉપર મુજબની પોતાની જમીન ઉપર એક ઘર બાંધી ચાર ભાડુતોને ભાડે આપ્યું આ ઘરની સાથે થોડીક જમીન પણ હતી અને તેમાં ચાર મોટાં આંબાનાં ઝાડ હતાં. કેરીની સીઝન આવી. બધા ભાડુતોએ માંગણી કરી કે અમને એક-એક ઝાડ મળવું જોઇએ. ધનજીશાહ મુંઝાયા. કેવી રીતે ઝાડ તેમની વચ્ચે વહેંચી આપવું કે જેથી દરેક તે ઝાડનો સ્વતંત્ર માલીક બની શકે અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રપણે જાવ-આવ કરી શકે તે તેમની સમજમાં ન આવ્યું. આખરે એક પાડોસીએ તેમની એ મુંઝવણ મિટાવી અને ઝાડને એવી રીતે વહેંચી આપ્યા કે જેથી દરેકને એક-એક ઝાડ સ્વતંત્રપણે આવે. તો એ વહેંચણી કેવી રીતે થઈ હશે?

ઉકેલ—




એ ચાર ઝાડોની વહેંચણી ઉપર મુજબના ભાગ પાડીને કરવામાં આવી હતી. દરેક ભાગ ઘરની સાથે સ્વતંત્ર સંબંધ પણ ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૯




ઉપરના ચિત્રમાં એક ગામડાનો નાનો મહોલ્લો નજરે પડે છે. આ મહોલ્લાના ચાર ચોરસ ભાગ એવી રીતે કરવા કે જેથી દરેક ભાગમાં બે પોસ્ટ, એક ઘર અને એક ઝાડ આવે. અને તે ભાગો સરખા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલ




ઉપર મુજબ ચાર ભાગ કરશો તો દરેકમાં બે પોસ્ટ, એક ઘર અને એક ઝાડ આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૦

મથુર પટેલનું આંબાવાડીયું



મથુર પટેલને ૪ પુત્રો હતા. ડોસા મરણ પામ્યા ત્યારે મિલ્કતમાં માત્ર એક આંબાવાડીયું જ મૂકી ગયાં હતાં. ઘરબાર કે જમીન નહોતી. એ આંબાવાડીયામાં ૨૪ આંબાના ઝાડ હતા. પણ આ ઝાડોની રચના એવી હતી કે જેથી તે જમીન સરખે ભાગે અને હિસ્સે વહેંચી શકાતી નહોતી. આથી છોકરાઓ મુંઝવણમાં પડયા.

ગામના લોકોએ તેમને એક વૃદ્ધ પટેલ આગળ જવાનું કહ્યું. આ પટેલ અનુભવી, ઠરેલ અને બુદ્ધિશાળી હતો. છોકરાઓએ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar


Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ પોતાની મુંઝવણુ રજુ કરી અને જમીનની તથા આંબાઓની વહેંચણી સરખે ભાગે કરી આપવાની તેને વિનંતિ કરી.

પટેલે જમીન તથા આંબાઓ જોયા. અને પછી તેના ૪ ભાગ એવી રીતે કરી આપ્યા કે દરેકને ભાગે સરખી જમીન અને સરખા આંબા આવે. છોકરાઓને પણુ આ વહેંચણીથી આનંદ ઉપજ્યો અને તેમણે તે પટેલનો આભાર માન્યો.

તો પટેલે એ વહેંચણી કેવી રીતે કરી હતી ?

ઉકેલ –



વૃદ્ધ પટેલે ૪ પુત્રો વચ્ચે ઝાડો તથા જમીન ઉપર મુજબ સરખે હિસ્સે વહેંચી આપ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar


Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૧

બે કૂતરાઓને સજીવન બનાવો !

પેસ્તનજી શેઠના નીચેનાં બે કૂતરાઓ મરી ગયેલાં જણાય છે. આ કૂતરાઓને અમુક લીંટીઓ દોરી એવી રીતે સજીવન બનાવો કે જેથી તે દોડતાં હોય એવું જણાય.

તમે એ કરી શકશો ?



નીચે મુજબ લીંટીઓ દોરો એટલે કૂતરાં દોડતાં જણાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૨

ગોરા કેપ્ટનની ચાલાકી


એક મોટા મછવામાં ૧૫ ગોરા માણસો અને ૧૫ કાળા માણસો બેઠા હતાં. શરૂઆતમાં તો મછવો સુન્દર રીતે જવા લાગ્યો. પણ વચ્ચે એકાએકજ વાતાવરણ તોફાની બની ગયું. પુષ્કળ પવન ફુંકાવા લાગ્યો અને મછવો ડામાડોળ બની ગયો. આવી વીકટ પરિસ્થિતિ જોઈ વહાણના કેપ્ટને બચાવ માટેની હોડી કાઢી. પરન્તુ હોડી માત્ર પંદર જ માણસોનો સમાવેશ કરી શકે એવી હતી એટલે શું કરવું તેની ગુંચવણમાં બધા પડયા. આખરે બધાએ નક્કી કર્યું કે એક કુંડાળું રચવું અને તેની વચ્ચે ગોળાકાળમાં બધાએ ઊભા રહેવું. કેપ્ટન ગોળાકાર ગણતો જાય અને દરેક દશમાં માણસને દૂર કરવા હોડીમાંથી એક બાજુએ રાખતો જાય. આવી રીતે ગોળ એ ગણ્યાજ કરે અને જ્યારે ૧૫ માણસો પૂરા થઈ જાય ત્યારે અટકી જાય. આવી રીતે જે માણસો ગણતરીમાં આવે તેઓએ એ હોડીમાં જ પોતાના ભાગ્યને આધીન બનીને રહેવું અને બીજાઓએ બચાવ માટેની હોડીમાં ચાલ્યા જવું.

કેપ્ટન જાતનો ગોરો હતો. એટલે તેણે બધા જ ગોરાઓને બચાવી લેવાની દુષ્ટ દાનત કરી અને તેથી તેણે એવી રીતે કુંડાળું રચ્યું કે જેથી દરેક વખતે દશમો માણસ કાળોજ નીકળે. અને થયું પણ તેમજ. આવી રીતે નીકળેલા ૧૫ કાળાં માણસોને એ મછવામાં જ રહેવા દેવામાં આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરા કેપ્ટને આ કેવી રીતે કર્યું હતું?



આ મુજબ કેપ્ટને ગોળ કુંડાળું રચી માણસોને ગોઠવ્યાં હતાં.
ગણત્રી—>આ બાણની નિશાનીથી શરૂ કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૧૬૩

કિશોરે બધાં કેળાં કેવી રીતે ઉપાડયાં ?

કિશોર પરીક્ષામાં તેજોજ પાસ થઈને પોતાના પિતાની પાસે શહેરમાં ગયો. એના પિતા એની ઝળકતી ફત્તેહ જોઇ ખુશ થયા. થોડીક વાર આમ તેમની તેમણે વાતો કરી. એ અરસામાં એક ફળવાળો ૧૫ સોનેરી કેળાં અને પંદર ચીકુ લઇ તેમની પાસે આવ્યો. પિતાએ તે લઇ લીધાં. કિશોરે સોનેરી કેળાં જોઈ તે ખાવાની ઇચ્છા પ્રકટ કરી. પિતાએ ચીકુ લેવા માટે આગ્રહ કર્યો કારણ કેળાં નુકશાનકારક હોવાથી તે જો ખાય તો તેને નડે. પણ કિશોર એકનો બે ન થયો અને કેળાંને માટે જ જક્ક કરી રહ્યો.

બુદ્ધિમાન પિતાએ પુત્રનું મન વાળવા એક નવો જ તોડ કાઢ્યો તેણે કિશોરને કહ્યું– 'બેટા આ ત્રીસ નંગોને તું ઇચ્છામાં આવે એવી રીતે ગોળ કુંડાળામાં ગોઠવ અને પછી એક ઠેકાણેથી ગોળ ને ગોળ ગણતો જા. જે' પણ ફળ નવમી સંખ્યામાં આવે તે તારો ઉપાડી ખાવા માટે લેવું.

કિશોરે આ શરત કબૂલી. એ પણ બુદ્ધિશાળી હતો. તેણે પોતાની બુદ્ધિ વાપરી ફળોને એવી રીતે ગોઠવ્યાં કે જેથી ગણત્રી કરતાં દરેક વખતે નવમી સંખ્યાએ કેળું જ આવે. એ એક પછી એક વખત ગોળ ગોળ ગણતો ગયો અને નવમા આંકડાએ કેળું જ ઉપાડતો ગયો.

પિતા પુત્રની આ ચાલાકી સામે જોઈ જ રહ્યા. તેમને એમાં કંઈ જ સમજ ન પડી.


ત્યારે કિશોરે કેળાં કેવી રીતે ગોઠવ્યાં હતાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલ —

કિશોરે કેળાં તથા ચીકુને નીચે મુજબ કુંડામાં ગોઠવ્યા હતાં. ચીકુથી ગણતાં નવમી સંખ્યા કેળાં પરજ આવશે. આમ અટક્યા વગર ગોળને ગોળ ફર્યા જ કરશો એટલે બધી જ વખત નવમી સંખ્યા કેળાંએ આવીને જ અટકશે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૪

અમૃત અને સોમનાથની શરત

અમૃત સોમનાથને ત્યાં જમવા ગયો. જમણ લાડુ પુરીનું હતું. અમૃતને લાડુ ભાવતા હોવાથી તેણે વિચાર્યું કે જો હું બધાજ લાડુ ખાઇ જાઉં તો ઠીક. પુરી સોમનાથ માટે રહેવા દઉં. તેણે પોતાનો આ વિચાર પોતાના મિત્રથી ગુપ્ત રાખ્યો.

વાતમાં ને વાતમાં અમૃતે સોમનાથ પાસેથી જાણી લીધું કે તેણે ૨૦ પુરી અને ૨૦ લાડુ જ કર્યાં છે.


હવે અમૃતે પોતાની યુક્તિ જણાવતાં સોમનાથને કહ્યું — "જો ભાઈ! હું આ લડવા અને પૂરી પાટલા ઉપર મૂકું છું. એક-બે-ત્રણ ગણતાં જે પહેલી ચીજ દશમી આવ્યા કરશે તે હું ખાઇશ અને તે પછીની તારે ખાવી. આ પ્રમાણે જેને જે આવશે તે ખાઈશું. આમ કરવાથી ગમ્મત અને આનંદ બન્ને મળશે. બોલ છે કબૂલ!"

સોમનાથે એ કબૂલ્યું.

અમૃતે ગણવા માંડયું આમ કરતાં તેને ભાગે બધા જ લાડુ આવ્યા. જ્યાયે બિચારા સોમનાથને પૂરી ખાવી પડી ત્યારે અમૃતે લાડુ ને પૂરી કેવી રીતે ગોઠવ્યાં હશે?

ઉકેલ

અહીંથી ગણો



અમૃતે ઉપર મુજબ લાડુ અને પૂરીની રચના કરી હતી. >બાણુની નિશાની છે ત્યાંથી ગણતાં દરેક દશમી વખત લાડુ જ આવશે. આ યુક્તિ રચીને જ અમૃત બધા લાડુ ઉપાડી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૫

છબીઓનો કોયડો

'ઇન્ડીયન ન્યુઝ'ના બહારગામના એક ખબરપત્રીએ ૭ છબીઓ પોતાના પત્રના તંત્રી પર મોકલી આપી. ખબરપત્રીએ આ છબીઓનું જે વર્ણન લખ્યું હતું તે અલગ–અલગ કાપલીઓમાં હતું. આ કાપલીઓને પીન લગાવેલી ન હોવાથી તેનો અનુક્રમ નીચે મુજબ ઉલટા-સુલટી થઇ ગયો હતો.

૧—સ્ત્રી ટ્રામના કન્ડકટરને પોતાની ગૂમ થયેલી વસ્તુ માટે જણાવે છે.
૨—જેવી સ્ત્રી બસમાં ચઢી જગ્યા લે છે તેવો જ કન્ડકટર તેની પાસે આવી ભાડાની માંગણી કરે છે.
૩—એક બસ આવે છે અને સ્ત્રી તેમાં દાખલ થાય છે.
૪—સ્ત્રી કન્ડકટરને બસ ઉભી રાખવા માટે કહે છે કે જેથી પોતે નીચે ઉતરી શકે.
૫—જેવી સ્ત્રી ઉભી થાય છે તેવી જ તેની પર્સ તેના ખોળામાંથી નીચે પડે છે.
૬—સ્ત્રી પોતાની થેલી ઉઘાડે છે અને તેને માલમ પડે છે કે એમાં મૂકેલી પર્સ ગૂમ થાય છે.

છાપાનો તંત્રી બુદ્ધિમાન હતો એટલે આવા ઉલટા–સુલટા ક્રમથી એ ગભરાયો નહિ. તેણે તરતજ બે મીનીટમાં છબીઓ ક્રમવાર ગોઠવી નાંખી અને છાપવા માટે મોકલી પણ આપી.

તો એનો ખરો ક્રમ કયો? આ માટે તમને બે મિનિટ આપવામાં આવે છે. એટલામાં જ એ શોધી કાઢો.

ઉત્તર–

એનો સાચો ક્રમ નીચે મુજબનો છે.
ચિત્ર ૩, ૨, ૬, ૧, ૪, ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૬

એ ગૃહસ્થ કેટલા પૈસા લાવ્યો હતો ?

એક તળાવને ચાર મુખ હતા. એક-એક મુખ પર સામ-સામા બે બ્રાહ્મણો બેઠેલા હતા. એક ગૃહસ્થે તળાવના પહેલા પગથિયાથી ઉતરીને એક બાજુ બેઠેલા એક બ્રાહ્મણને કેટલાક પૈસા આપ્યા. પછી તે તળાવમાં નહાવા ગયો.

નાઈને એ ગૃહસ્થ ઉપર આવ્યો એટલે તેજ મુખની સામે પાર બેઠેલા બીજા બ્રાહ્મણને પહેલા બ્રાહ્મણ જેટલા જ પૈસા આપ્યા. પછી બીજા મુખ ઉપર ગયો ત્યાં એક બ્રાહ્મણને રહેલા પૈસામાંથી પહેલા જેટલા આપ્યા હતા તેટલા જ આપ્યા.

પછી એ નહાવા ગયો. નાહીને ચઢતી વખતે પાળ ઉપરના બીજા બ્રાહ્મણને સરખા પૈસા આપ્યા. પછી ત્રીજા મુખ ઉપર ગયો ત્યાં પહેલા બ્રાહ્મણને આગળના જેટલાજ પૈસા આપ્યા ને પાછો નહાવા બેઠો. નાહીને પગથીયા ચઢીને બીજા બ્રાહ્મણને પણ સરખા પૈસા આપ્યા. આમ કરતાં જે પૈસા રહ્યા તે લઇ ચોથા મુખ ઉપર ગયો. ત્યાં પહેલા બ્રાહ્મણને પહેલાનાં જેટલા પૈસા આપ્યા પછી પાછો નાહ્યો અને પગથીયાં ચઢીને બીજા બ્રાહ્મણને એટલે કે કુલ્લે આઠમા બ્રાહ્મણને આપ્યા આમ કર્યું એટલે તેની પાસે કંઈ જ ન રહ્યું. તો ઘેરથી એ કેટલા પૈસા લાવ્યો હતો ? અને દરેક બ્રાહ્મણને કેટલા આપ્યા ?

ઉત્તર—

એ ઘેરથી ૮।। પૈસા લાવ્યો હતો. એણે દરેકને બબ્બે પૈસા આપ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


૧૬૭

ચારે બાટલીઓ કેવી રીતે ગોઠવી હતી ?

એક દારૂવાળાની દૂકાને એક બદમાસ નોકર હતો. હતો. આ નોકર પીવાની બુરી ટેવમાં ફસાયલો હોવાથી તે વારંવાર દૂકાનમાંથી દારૂના બાટલા ચોરી લેતો. થોડાક એ પીતો અને બાકીના વેચી નાંખતો. પ્રથમ તો દારૂવાળાને ખબર ન પડી કે ચોરી કોણ કરે છે અને કેવી રીતે થાય છે. પરન્તુ જ્યારે તેને એ નોકર પ્રતિ શંકા ગઈ ત્યારે તેણે તેને પકડવા માટે એક યુક્તિ કરી.

એ સમયે દારૂવાળા પાસે ૨૮ બાટલીઓ સિલકમાં હતી. આ બાટલીઓ તેણે નીચે મુજબના ક્રમથી ગોઠવી કે જેથી કરીને તે તરતજ જોઈ શકે કે કેટલી બાટલીઓ છે. એની ગોઠવણીમાં મુખ્ય વાત એ હતી કે એણે દરેક બાજુએથી નવ–નવની જ હારો કરી હતો.

આ મુજબ એણે બાટલીઓ ગોઠવી હતી.



બાટલીઓની આ રચના જોઈ નોકર સમજી ગયો કે શેઠે તેને પકડવા માટે છટકું ગોઠવ્યું છે. એ પણ ઉસ્તાદ હતો એટલે તેણે પણ શેઠને બનાવીને જ બાટલીઓ ચોરવાનું નક્કી કર્યું.

લાગ મળતાં તેણે એમાંથી ચાર બાટલીઓ ઉડાવી અને પછી બાકીની બાટલીઓ એવી રીતે ગોઠવી કે જે દરેક બાજુથી ગણતાં નવની નવ જ રહે. આટલું પણ એને બસ ન થયું. તેણે પાછી બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ચાર બાટલીઓ લીધી અને પુનઃ એવા પ્રકારે બાકીની બાટલીઓ ગોઠવી કે જેની રચના પણ નવની જ રહે.

તો પછી તેણે બન્ને વખત કેવી રીતે એ બાટલીઓ ગોઠવી હશે?


જવાબ—

નીચે આપેલી પહેલી આકૃતિ એ બતાવે છે કે જ્યારે ૨૪ બાટલીઓ રહી હતી ત્યારે નોકરે નીચે મુજબ તેની ગોઠવણી કરી હતી.

અને બીજી વખતે જ્યારે ૨૦ રહી ત્યારે તેણે જે રચના કરી હતી તે બીજી આકૃતિ બતાવે છે.


એની ગોઠવણીમાં ખુબી એ હતી કે બન્ને વખતે તેણે દરેક બાજુથી ગણી શકાય એવી નવ-નવની જ હારો બનાવી હતી અને આથી જ દારૂવાળો એ ચોરીને પકડી શક્યો નહોતો.

૧



જ્યારે બાટલીઓની સંખ્યા ૨૪ની રહી હતી ત્યારે નોકરે તેની રચના ઉપર મુજબ કરી હતી.

૨



જ્યારે ચોરતાં ૨૦ બાટલીઓ રહી ત્યારે તેની રચના ઉપર મુજબ કરવામાં આવી હતી.


આ બન્નેમાં નોંધવા જેવું એ છે કે બન્ને વખતે દરેક બાજુથી ગણતાં નવ-નવની જ હારો જણાય છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૮

તમારા મિત્રે પસંદ કરેલી કુમારિકા કઈ?



ઘડિયાળના આંકડાઓની જગ્યાએ આ ચિત્રમાં ૧૨ કુમારિકાઓને મૂકવામાં આવી છે. દરેક કુમારિકા ઉપર નંબર લખવામાં આવ્યો છે. તમે તમારા કોઈપણ એક મિત્રને આ બારમાંથી કોઈ એક કુમારિકા પસંદ કરવાનું કહો. એ પસંદ કરે એટલે તમારે તેને તે નંબર મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન રાખવાનું કહેવું અને પછી તેને કહેવું કે હું આ ચિત્રમાં કુમારિકાઓના આંક ઉપર ટકોરા મારૂં છું. તમે જે આંક ધાર્યો હોય તે નંબર લઇ તમારે મનમાં ગણતાં જવું અને જ્યારે ૨૦ ટકોરા થઇ રહે ત્યારે તમારે મને અટકી જવા માટે કહેવું. તમે મને. આ કહેશો કે તરતજ હું તમારી પસંદ કરેલી કુમારિકા કઇ છે તે બતાવી આપીશ.

દા. ત. તમારા મિત્રે ૭ નંબરની કુમારિકા પસંદ કરી. તમે હવે ટકોરા મારવા માંડો. એ આઠ નંબરથી ટકોરા ગણતો જશે. તમે ૧૩ ટકોરા મારશો ત્યારે એની ગણત્રી ૨૦ ટકોરાની થશે. (કારણ ૭ નંબર + ૧૩ = ૨૦) આ સમયે તમને એ તરતજ થોભી જવાનું કહેશે. એટલે તમારે તેને તેની પસંદ કરેલી કુમારિકા બતાવી દેવી.

સમજ—

આમ ધારેલી કુમારિકા બતાવી દેવાની યુક્તિ સરળ છે. તમારો મિત્ર જ્યારે પોતાના ધારેલા આંકથી ટકોરા ગણવા માંડે ત્યારે તમારે એક નંબરથી જ એ ટકોરા મનમાં ગણવા અને જ્યારે તમને એ ૨૦ ટકોરાએ અટકી જવાનું કહે ત્યારે તરતજ તમારે એ ૨૦ માંથી તમારા જેટલા ટકોરા થયાં હોય તે બાદ કરી દેવા અને જે બાકી રહે તે એની પસંદ કરેલી કુમારિકાનો નંબર જાણવો.

ઉપરના દાખલામાં એણે ૭ નંબર પસંદ કર્યો છે. એટલે એના જ્યારે ૨૦ ટકોરા થશે ત્યારે તમારા ૧૩ ટકોરા થશે. એટલે ૨૦ માંથી ૧૩ બાદ કરી દેવા. ૭ એ એની પસંદગીનો આંક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૯

મેતા–મેતી મણનો ભાર, છૈયાં બે અધમણના સાર.
તેને ઉતારો પેલે પાર, હોડી ઝીલે મણનો ભાર.

એટલે કે એક મહેતાજી અને મહેતીજી દરેક એક–એક મણના છે. એમની સાથે બે છોકરાં છે. તેમનું દરેકનું વજન અર્ધા મણનું છે. આટલા વજનનાં ચાર માણસોને સામે પાર લઇ જવા છે પણ હોડી નાની છે અને તે એક ફેરામાં માત્ર ૧ મણનો જ ભાર ઝીલી શકે છે તો એ બધાને શી રીતે લઈ જવાય?

ઉકેલ—

પહેલાં બે છોકરાંઓ હોડીમાં બેસીને જાય. તેમાંનો એક છોકરો સામે કાંઠે ઉતરે ને એક છોકરો હોડી લઇ પાછો આવે. પછી હોડીમાં માત્ર મહેતાજી કે મહેતીજી બેમાંથી એક જણ જાય અને સામે કાંઠે ઊતરે, એટલે તે કિનારે રહેલો છોકરો એ હોડી પાછી લાવે. પહેલાંની જેમ બન્ને છોકરા હોડી પાછી લઈ જાય. તેમાંનો એક ત્યાં ઊતરે ને એક જણ હોડી પાછી લાવે. એમાં મહેતાજી કે મહેતીજી જે કોઈ બાકી રહ્યું હોય તે આ કાંઠેથી જાય ને ત્યાં ઊતરે. કિનારે રહેલો એક છોકરો એ હોડી સામે કિનારે લાવે અને પછી બીજા છોકરાને હોડીમાં લઇ લે અને આમ બન્ને છોકરા સામે કિનારે પહોંચી જાય.

૧૭૦

નદીને આ કાંઠે એક વાઘ, એક ગાય અને એક ઘાસનો પુળો છે આ ત્રણેને સામે પાર લઈ જવા છે. પરંતુ આ ત્રણેને સાથે લઈ જવાય એમ નથી. હોડી એ બધાનો ભાર ઝીલી ન શકે. તેમ બબ્બેને સાથે પણ ન લઇ જવાય કારણ વાઘ–ગાય સાથે જાય તો વાઘ ગાયને ખાઇ જાય એવી જ રીતે ગાય અને ઘાસનો પુળો સાથે હોય તો ગાય ઘાસ ખાઇ જાય. એટલે એ દરેકને જુદા જુદા જ લઈ જવા જોઇએ. પરન્તુ આ કેવી રીતે લઈ જવા? હોડીવાળાને શું કરવું તેની કંઇજ સમજ પડતી નથી? તમે એની મુશ્કેલી ટાળી શકશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલ—

પહેલાં ગાયને લઇ જવી. તેને સામે કાંઠે મૂકીને હોડી પાછી લાવવી અને ઘાસનો પુળો લઈ જવો. પુળાને સામે કાંઠે મૂકી ગાય પાછી હોડીમાં લઈ જવી, કારણ તેમ ન કરવામાં આવે તો ગાય પુળાને ખાઇ જાય. પછી ગાયને પાછી આ કાંઠે ઊતારી વાઘને હોડીમાં લેવો અને તેને સામે કાંઠે પુળાની પાસે મૂકવો. પછી આવીને ત્રીજે ફેરે ગાયને લઇ જવી. આવી રીતે ત્રણે જુદી જુદી રીતે સામે પાર જશે.

૧૭૧

પેન્સિલ ઉંચક્યા વગર નીચેની આકૃતિ દોરો

નીચે એક આકૃતિ આપી છે. એ આકૃતિની કોઇપણ બાજુએથી એવી રીતે લાઇન દોરો કે જેથી તમે ઉંચક્યા વગર કે પછી એકજ લાઇન પર બીજી વાર આવ્યા વગર આખી આકૃતિ પર લાઇન દોરી શકો.

તમે એમ કરવા પ્રયત્ન કરશો પરન્તુ તમને નિષ્ફળતા મળશે.

તમારા ભાઇ તમારી મદદે આવશે પરન્તુ તે પણ નાસીપાસ થશે.

એ પછી તમારી મદદે તમારા પિતા આવશે તમારી બહેન અને છેવટે મા પણ આવશે પરન્તુ કોઈજ ફાવી શકશે નહિ.


તો પછી પેન્સિલ ઉઠાવ્યા વગર અને એક લાઇન પર ગયા પછી એજ લાઇન પર બીજી વાર આવ્યા વગર કેવી રીતે લાઇન દોરી શકાય?

દાદાજીનું ડહાપણ તમારી મદદે આવે છે. જુઓ નીચેની આકૃતિ પર જે ઝીણા આંક મૂકવામાં આવ્યા છે ત્યાંથી તમે લાઇન દોરવા માંડો. ૧ થી લાઇન શરૂ કરી છેક ૩૧ સુધી આવી જાઓ અને પછી બહાર નીકળી જાઓ. કેમ બરાબર છે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારામાંથી કેટલા આ મુજબ કરી શકે છે તે જાણવા માટે આજ આકૃતિ એક જુદાં કાગળ પર દોરો. એમાં આંક મૂકશો નહિ. પછી તમે તમારા ભાઈ-બહેનો-મિત્રો વગેરેને એ મુજબ કરવાનું કહો. જુઓ તો ખરા કેટલા એમાં સફળ થાય છે તે? ભારે મજા આવશે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ભૂલભૂલામણી

આ વિભાગમાં આઠ ભૂલભૂલામણીઓ રજુ કરવામાં આવી છે. ભૂલભૂલામણીની આકૃતિઓ તેની રેખાઓની આંકણીઓને લઈને તથા તેની ખૂબીભરી ગોઠવણીને અંગે ભેદ ભરેલી અને ગૂંચવણવાળી બનવા પામી છે. એમાંથી રસ્તો કાઢી ધારેલા સ્થાને સીધાં પહોંચી જાવ તો તમારી બુદ્ધિમત્તાનો વિજય મનાશે. તમે ચતુર હશો, બુદ્ધિશાળી હશો તો જરૂર એમાંથી માર્ગ કાઢી શકશો. નિષ્ફળતા પામો તો નાસીપાસ થવાની જરૂર નથી. એક વાર અખતરો કરો, બીજી વાર કરો અને ત્રીજી કે ચોથી વાર તમે એમાં જરૂર સફળ થવાના જ. ચાલો ત્યારે ભૂલભૂલામણીનો ચકરાવો તમને આમંત્રે છે— પધારો અંદર અને અજમાવો તમારી બુદ્ધિ......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૨




આ ઉંદરને વચ્ચે મૂકેલું ફળ ખાવું છે. એને મદદ ન કરો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૩




વચ્ચેનાં ખાલી ભાગમાં તમે પહોંચશો ખરાં? રસ્તો અટપટો છે. ભૂલભૂલામણી કરાવે એવો છે. છતાં પ્રયત્ન કરો. જોઉં તમે સફળ થાવ છો કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૪




આ વળી ત્રીજી ભૂલભૂલામણી. અંદર જાવતો ખરાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૫



ભૂલભૂલામણીની વચ્ચેનું સુંદર ફુલ તમને બોલાવે છે. એને લેવા માટે ભૂલભૂલામણીમાં પ્રવેશો. ભાગ્યશાળી પ્રયત્ન કરી એને ઉંચકી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૬



છોકરો રમત રમતાં ઘરનો માર્ગ ભુલી ગયો. ઘર દૂરથી દેખાય છે. પણ રસ્તો ખુબ જ આડો અવળો અને ચક્રાવે ચઢાવી દે એવો છે. તમે એ છોકરાને તેને ઘેર ન પહોંચાડી દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri




આ ભૂલભૂલામણીની અંદર ઉંદરો છે. નાકે બિલ્લીબાઈ અંદર જઈ ઉંદરને પકડવાનો લાગ શોધે છે. પણ ભૂલભૂલામણી તો માર્ગ ભૂલાવી દે એવી છે એટલે તે લાચાર બની ઉંદરોના બહાર નીકળવાની રાહ જોતાં ઉભાં છે. તમે તેને અંદરનો માર્ગ બતાવી શકશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar



આ નીચેનું વહાણ ઉપરના વહાણ સાથે મળવા જવા આતુર છે. પરંતુ તેને રસ્તાની માહિતી નથી. જો વાંકેચૂકે રસ્તે એ જાય તો જરૂર ખરાબાએ ચઢી તેના ભુક્કે ભુક્કા ઉડી જાય. તમે એને સાચો રસ્તો બતાવવાનું પુણ્ય કાર્ય ન કરો !

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૯



આ ભૂલભૂલામણીનું ગુંચવાડાભર્યું ચિત્ર છે. એમાં છૂપાયા છે. હિન્દના પૂજ્ય ગાંધીજી, એમની બકરી અને હિન્દુસ્તાનનો નકશો તમે આ ત્રણ ચીજો એમાંથી શોધી કાઢો તોજ ખરાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૦



આ શું સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલી સ્ત્રી છે? અરે નારે! જરા ઉલટાવો તો ખરા–ઓત્તારીની આ તો શીખ ગૃહસ્થ દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૧



આ આકૃતિ સરકસનાં વિદુષકની જણાય છે પણ તેને ઉલટાવશો તો દાઢી–પાઘડીવાળા વહોરાજી દેખાશે. કેમ ખાત્રી કરીને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રહઉપયોગી પ્રકાશનો



	કિંમત	વી. પી. ખર્ચ
પહેલું પારણું ...	૬–૧૨–૦	૧૨ આના
દાદીમાનું વૈદુ ...	૬–૧૨–૦	૧૨ આના
આપણો ઘર સંસાર	૨—૦–૦	૬ આના
ગ્રહિણી મિત્ર ...	૫—૦–૦	૮ આના
સંસ્કારલક્ષ્મી ભાગ ૧/૨	૬–૧૨–૦	૧૨ આના
ઘરની રાણી ભાગ ૧ થી ૯	૬–૧૨–૦	૧૨ આના
જીવનસખી	૪–૧૨–૦	૮ આના
ભાતભાતનું ભરતકામ	૧—૦–૦	૫ આના

માત્ર ગણત્રીનીજ નકલો સ્ટોકમાં હોવાથી ખલાસ થતાં પહેલાં તમારી નકલ મેળવી લ્યો.

—: મળવાનું સ્થળ :—

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ : : પબ્લીશર્સ.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકકલને કસોટીએ ચડાવતું જ્ઞાન સાથે ગમ્મત આપતું

નવું બાલ-કુમાર સાહિત્ય

બુદ્ધિનો બાદશાહ	૨-૪
ચતુર સુજાણ	૧-૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧-૪
કવિ કાલીદાસની ચિત્રમય બાલવાતો	૨-૮
અમારા ગીત	૦-૬
રાસ કોકિલા	૦-૭
પાયલ બાજે	૦-૮
મામાનું ઘર કેટલે ?	૨-૦
બલૂન પ્રયાસ	૩-૦
પટેલ પટલાણી	૩-૦
જાદુઈ ચકકી	૩-૦
મીયાં ફુસકી	૧-૪
કુમાર કથાઓ	૩-૦
ચાણકય	૨-૦
બરફનું રણ	૨-૦
વિક્રમની વાતો	૪-૮
બુદ્ધિ વિલાસ	૫-૦
જય ગુજરાત	૧-૪
દાદાજીનું ડહાપણ	૨-૦
અકકલ અજમાવો	૨-૧૨
ખેલાડી	૩-૦
બાટલીનો બૂચ	૩-૦
કીલુ ચાને વીંટિની શોધમાં	૨-૦
સુંદર બાલવાતો	૨-૦
બાની વાતો	૨-૦
આદમીંયા	૧-૪
સમર્થ રામદાસ	૦-૬
શૂરવીર શીવાજી	૨-૮
મેવાડનો સિંહ	૨-૮

-: મળવાનું સ્થળ :-

એન. એમ. ઠક્કરની કંપની

બુક સેલર્સ : પબ્લીશર્સ ☆ ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકજીભે ચડેલા અને કર્ણપ્રિય એવા સુમધુર ૫૭૫ છેલ્લામાં છેલ્લા નવા અને જુના સિનેમાના ગીતોનો અપૂર્વ સંગ્રહ સુંદર બેરંગી બોક્સમાં મળશે. કીંમત રૂા. ૩-૧૨-૦, વી. પી. ૬ આના.



ભાગ ૧—૨—૩—૪—૫ સુંદર બોક્સમાં

સિનેસ્ટાર આલ્બમ—જેમાં તમારા મનગમતા સિને સ્ટારની અનેક રંગમાં છપાયેલી તસ્વીરો આપવામાં આવી છે. બેરંગી કવર ચિત્ર સાથે કિંમત માત્ર બાર આના વી. પી. ખર્ચ ચાર આના.

મંગાવવા માટે લખો :—

એન. એમ. ઠક્કરની કંપની.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar